# રાજ્ય પરીક્ષા બોર્ડ

**સરકારી પુસ્તકાલય પાસે, સેકટર-૨૧, ગાંધીનગર - ૩૮૨૦૨૧**

**ફોન નંબર: (૦૭૯) ૨૩૨૪૮૪૬૧,૨૩૨૪૮૪૬૨, ઈ-મેઈલ એડ્રેસ : gseb21@gmail.com**


## "શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) - ૨૦૨૬ જાહેરનામું"
## "Teacher Aptitude Test (Secondary) - 2026 Notification"

**જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-S/૨૦૨૬/૨૨૦૯-૨૨૪૯** **તા:૧૨/૦૨/૨૦૨૬**

શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/5921/G,તા.૨૯/૦૪/૨૦૨૩ થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને મિશન સ્કુલ્સ ઓફ એકસલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે "શિક્ષક અભિરુચિ કસોટી" (Teacher Aptitude Test– TAT) ના આયોજન બાબતે ઠરાવ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના આ ઠરાવ મુજબ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (N.E.P) - 2020 માં વિદ્યાર્થીઓને ૨૧મી સદીના કૌશલ્ય જેવા કે કમ્યુનિકેશન, ક્રીટીકલ અને ક્રિએટિવ થિંકિંગ, પ્રોબ્લેમ સોલ્વિંગ વગેરે શિખવવાની ભલામણ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કૌશલ્યો (VOCATIONAL SKILLS) શિખવવાની પણ ભલામણ કરવામાં આવેલી છે. આ માટે વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકો પણ આવા કૌશલ્યોથી સજ્જ હોય તે આવશ્યક છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ભવિષ્યમાં એવા શિક્ષકોની જરૂર પડશે કે જેઓ સાક્ષરી વિષયો ઉપરાંત કેટલાક આંતરશાખાકીય અને બહુશાખાકીય કૌશલ્યો (Inter-Disciplinary and Multi- Disciplinary Skill Set) ધરાવતા હોય એટલે કે, વિજ્ઞાનના સ્નાતક પાસે સાહિત્યનું જ્ઞાન હોય, વાણિજયના સ્નાતક પાસે વિજ્ઞાનનું જ્ઞાન હોય, વિનયનના સ્નાતક પાસે વાણિજ્યનું પણ જ્ઞાન હોય તેવા શિક્ષકોની જરૂરિયાત ઉપસ્થિત થશે. આવા શિક્ષકો પોતાના સાક્ષરી વિષયની તજજ્ઞતાની સાથે સાથે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં જરૂરી એવા કોમ્પ્યુટર, વ્યાવસાયિક શિક્ષણ, ચિત્ર, સંગીત, કલા, ખેલકૂદ વગેરે જેવા કૌશલ્યો પણ શિખવવા સક્ષમ હશે. બદલાતા જતા શૈક્ષણિક વિશ્વમાં આગામી સમયમાં શિક્ષકોએ સતત નવું નવું શીખવાની અનિવાર્યતા ઊભી થયેલ છે. સાથે સાથે બદલાતા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં આવનારા સમયમાં શાળાઓમાં શીખવવાના થતાં વિષયો અને વિષયવસ્તુમાં થનારા ફેરફારોને પહોંચી વળવા વિદ્યાર્થીઓ તથા શિક્ષણના હિતમાં ઉપરોકત કૌશલ્યો ધરાવતા શિક્ષકોને ઓળખવાની એક ચોક્કસ પધ્ધતિ વિકસાવવાની જરૂરી છે.

બદલાતા જતા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં શિક્ષક પ્રતિભાશાળી હોય અને તેમની પાસે ત્રિભાષા સૂત્ર મુજબની ભાષાઓ પર પ્રભુત્વ હોય તે પણ જરૂરી છે. આવા વિશિષ્ટ કૌશલ્ય ધરાવતા શિક્ષકોને ઓળખવા માટેની પ્રક્રિયા પણ વધુ સઘન હોય તે જરૂરી છે. સબબ ઉપર જણાવ્યા મુજબના જ્ઞાન, આંતર શાખાકીય અને બહુશાખાકીય કૌશલ્યો (Inter-Disciplinary and Multi- Disciplinary Skill Set) ધરાવતા ઉમેદવારોને ઓળખવા એક ચોકકસ પરીક્ષા પધ્ધતિ જરૂરી છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 અને મિશન સ્કુલ્સ ઓફ એકસલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ સિદ્ધ કરવા માટે ઉમેદવારોની ક્ષમતા ચકાસવા માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે 'શિક્ષક અભિરુચિ કસોટી'(Teacher Aptitude Test– TAT) નું આયોજન કરવાનું ઠરાવવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવથી ગુજરાત રાજ્યમાં નોંધાયેલી સરકારી અને ખાનગી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે "શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક)" (Teacher Aptitude Test (Secondary) પરીક્ષા યોજવા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં નોંધાયેલી સરકારી અને ખાનગી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે “શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) – ૨૦૨૬” (“Teacher Aptitude Test (Secondary) – 2026”) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવા આથી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે છે. સદર કસોટી / પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડના સંચાલન હેઠળ નક્કી કરેલ કેન્દ્રો ખાતે જિલ્લા શિક્ષણાધિકારશ્રીઓ મારફતે કરવામાં આવશે.

❖ શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક)-૨૦૨૬ નો કાર્યક્રમ

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું પ્રસિદ્ધ કર્યાની તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ |
| ૨ | ઉમેદવારો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનો સમયગાળો | ૧૮/૦૨/૨૦૨૬ થી ૨૭/૦૨/૨૦૨૬ |
| ૩ | ઓનલાઈન ફી ભરવાનો સમયગાળો | ૧૮/૦૨/૨૦૨૬ થી ૨૮/૦૨/૨૦૨૬ |
| ૪ | પ્રાથમિક પરીક્ષા (બહુવિકલ્પ સ્વરૂપ) તારીખ | ૨૬/૦૪/૨૦૨૬ |
| ૫ | મુખ્ય પરીક્ષા (વર્ણનાત્મક લેખિત સ્વરૂપ) તારીખ | જૂન-૨૦૨૬ |

❖ વિષયો:

- શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) અંતર્ગત ગુજરાત માધ્યમિક અને માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ની જોગવાઈ અનુસાર માધ્યમિક શાળામાં શીખવવામાં આવતા વિષયો પૈકી નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા સૂચવવામાં આવેલ નીચે મુજબનાં **ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં** દર્શાવેલ વિષયોની કસોટી યોજવામાં આવશે.
- **ગુજરાતી માધ્યમ** માટે નીચે મુજબનાં વિષયોની કસોટી યોજવામાં આવશે.
  - ➢ GUJRATI, HINDI, ENGLISH, SOCIAL SCIENCE, MATHS-SCIENCE, SANSKRIT, COMPUTER, PHYSICAL EDUCATION, AGRICULTURE
- **અંગ્રેજી માધ્યમ** માટે નીચે મુજબનાં વિષયોની કસોટી યોજવામાં આવશે.
  - ➢ GUJRATI, HINDI, ENGLISH, SOCIAL SCIENCE, MATHS-SCIENCE, SANSKRIT, PHYSICAL EDUCATION.

❖ શૈક્ષણિક લાયકાત:

- નોંધાયેલી સરકારી અને ખાનગી માધ્યમિક શાળાઓમાં સંબંધિત વિષયના શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં વખતો વખત થતા સુધારા વધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવાર જ આ શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) માટે ઉપસ્થિત થઈ શકશે.
- શૈક્ષણિક લાયકાત શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ, તા:૧૧/૦૧/૨૦૨૧, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ, તા:૧૯/૧૦/૨૦૨૨, ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH, તા:૧૭/૦૫/૨૦૨૩, ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH, તા:૧૯/૦૫/૨૦૨૩ અને ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/2440/CHH, તા:૧૫/૦૭/૨૦૨૩ મુજબ રહેશે. (ઠરાવ આ સાથે સામેલ છે.)
- જે વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન તાલીમી લાયકાતના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા હોય તે વિદ્યાર્થીઓ પણ ફોર્મ ભરી શકશે. આવા વિદ્યાર્થીઓની આ પરીક્ષાની અરજી તેઓના છેલ્લા વર્ષની પરીક્ષાના પરિણામને આધિન રહેશે. આ પ્રકારની તકથી TAT – Sમાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ ભવિષ્યમાં યોજાનાર શિક્ષક ભરતી પ્રક્રિયામાં સંબંધિત લાયકાત પાસ થયાની માર્કશીટ રજુ કરવાની રહેશે. ભરતી

પ્રક્રિયા જાહેર થાય ત્યાં સુધી માન્ય લાયકાતનુ પરિણામ મેળવી ન શકનાર ઉમેદવાર ભરતી પ્રક્રિયામાં હક દાવો કરી શકશે નહિ. ભરતી બાબતે ભરતી સમિતિ જે નિર્ણય લેશે તે આખરી અને માન્ય ગણાશે.

- શૈક્ષણિક અને તાલીમી લાયકાતની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનું નિર્ણય જ અંતિમ રહેશે. તેથી આપ આ શૈક્ષણીક અને તાલીમી લાયકાતની પુરતી ચકાસણી કરી ભરતી માટે લાયક હોય તો જ ફોર્મ ભરવા સૂચન છે.

❖ પરીક્ષા ફીઃ

- SC, ST, SEBC, EWS, PH કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી રૂા.૪૦૦/- અને સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી રૂા.૫૦૦/- ભરવાની રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામાં આવશે નહી.

❖ કસોટી / પરીક્ષાનું સ્વરૂપ:

➢ "શિક્ષક અભિરુચિ કસોટી" પ્રાથમિક અને મુખ્ય એમ દ્વિસ્તરીય સ્પર્ધાત્મક પરીક્ષા સ્વરૂપની રહેશે.

A. પ્રાથમિક પરીક્ષા : આ પરીક્ષા બહુવિકલ્પ સ્વરૂપની રહેશે.
B. મુખ્ય પરીક્ષા : આ પરીક્ષા વર્ણનાત્મક લેખિત સ્વરૂપની રહેશે.

A. પ્રાથમિક પરીક્ષા (Preliminary Exam) નું સ્વરૂપ :

➢ પ્રાથમિક પરીક્ષા ૨૦૦ ગુણની બહુવિકલ્પ સ્વરૂપની (Multiple Choice Question) હશે.
➢ આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ – ૧ માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ – ૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે.
➢ ૧૦૦ ગુણનો પ્રથમ વિભાગ તમામ ઉમેદવારો માટે એક સરખો રહેશે.
➢ ૧૦૦ ગુણનો બીજો વિભાગ જે તે ઉમેદવાર જે વિષય માટે અરજી કરે છે તે વિષય આધારિત હશે.
➢ આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
➢ પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનિટનો રહેશે.
➢ દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
➢ દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
➢ આ કસોટીના મૂલ્યાંકનમાં ખોટા જવાબ દીઠ ૦.૨૫ ગુણ (માઈન્સ) નકારાત્મક મૂલ્યાંકન રહેશે.

❖ વિભાગ-૧: સામાન્ય અભ્યાસ (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)

➢ સામાન્ય જ્ઞાન અને શિક્ષણના વર્તમાન પ્રવાહો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

- બંધારણની મૂળભૂત ફરજો (Fundamental duties-Article-51(A)), ગુજરાતી સાહિત્ય, રાજનીતિ અને શાસનતંત્ર (રાજ્ય અને દેશ) પ્રવાહો અને માળખું, વિજ્ઞાન અને ટેકનોલોજી, ખેલકૂદ અને રમતો, મહાન વિભૂતિઓ (દેશ), સંગીત અને કલા, ભારતનો ઇતિહાસ, ભારતની ભૂગોળ, વર્તમાન પ્રવાહો જાણકારી.

➢ શિક્ષક અભિયોગ્યતા (૩૫ પ્રશ્નો) (૩૫ ગુણ)

- શિક્ષણની ફિલસૂફી (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)
  ✓ કેળવણીના હેતુઓ (સામાજિક, વ્યક્તિગત, વિશિષ્ટ), કેળવણીના સ્વરૂપો (ઔપચારીક, અનૌપચારીક, અધિક, નિરંતર, દૂરવર્તી), શિક્ષણની વિચારધારા (આદર્શવાદ, પ્રકૃતિવાદ, વ્યવહારવાદ)
- શૈક્ષણિક મનોવિજ્ઞાન (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)
  ✓ વૃદ્ધિ અને વિકાસ, તરુણાવસ્થા, શૈક્ષણિક મનોવિજ્ઞાનની પદ્ધતિઓ, વૈયક્તિક ભિન્નતાઓ, અધ્યયન, બુદ્ધિ, બચાવ પ્રયુકિતઓ, પ્રેરણા, વિશિષ્ટ બાળકો, વ્યક્તિત્વ, રસ-મનોવલણ, અભિયોગ્યતા.
- વર્ગ વ્યવહાર અને મૂલ્યાંકન (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)
  ✓ વર્ગવ્યવહાર, મૂલ્યાંકન (બ્લુમ સહિત) અને આંકડાશાસ્ત્ર, શિક્ષણ અને ટેકનોલોજી, ક્રિયાત્મક સંશોધન.

- ➢ તાર્કીક અભિયોગ્યતા (૧૫ પ્રશ્નો) (૧૫ગુણ)
- ➢ ગુજરાતી ભાષાકીય પ્રાવીણ્ય (લેખન, વાંચન, કથન, શ્રવણ કૌશલ્ય) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)
  - વ્યાકરણ (જોડણી, વિરોધી, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરામચિન્હો, અનેકાર્થી, પર્યાયી શબ્દો વગેરે), સંક્ષેપ લેખન, સારગ્રહણ, ભૂલ શોધ અને સુધારણા, શીર્ષક, સારાંશ.
- ➢ અંગ્રેજી ભાષાની જાણકારી (ધોરણ – ૧૨ સુધી) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)
  - સામાન્ય વ્યાકરણ, ભાષાંતર, સ્પેલીંગ સુધારણા કરવી, શબ્દ રચના, ચિત્ર આધારીત પ્રશ્નો વગેરે.

❖ વિભાગ - ૨ ખાસ વિષયની કસોટી (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)

- ➢ વિષયવસ્તુ (૮૦ પ્રશ્નો) (૮૦ ગુણ)
  - સંબંધિત વિષયનો અભ્યાસક્રમ ધોરણ - ૯ થી ૧૦ નો રહેશે. (ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસક્રમ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવશે.)
  - પરીક્ષાના અભ્યાસક્રમની વિષયવસ્તુની કઠિનતા સ્નાતક કક્ષાની રહેશે.
- ➢ વિષયવસ્તુ આધારીત પદ્ધતિના પ્રશ્નો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

❖ પરીક્ષાનું માધ્યમઃ

આ કસોટી ગુજરાતી અને અંગ્રેજી એમ બે માધ્યમમાં (ઉપર જણાવ્યા પ્રમાણે માધ્યમ વાઈઝ વિષયો માટે) યોજવામાં આવશે. ઉમેદવાર આ બે પૈકી કોઈપણ માધ્યમ પસંદ કરી શકશે. તેઓએ જે માધ્યમમાં પ્રાથમિક પરીક્ષા પાસ કરી હશે એજ માધ્યમમાં મુખ્ય કસોટી આપવાની રહેશે. જો ઉમેદવારો એક કરતા વધુ વિષયો માટે તથા માધ્યમો માટે ફોર્મ ભરશે તો કોઈ એક જ વિષય અને એક જ માધ્યમની કસોટીમાં ઉપસ્થિત રહી શકશે.

B. મુખ્ય કસોટી(Mains Exam) નું સ્વરૂપ:

પ્રાથમિક કસોટીમાં Cut Off કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો માટે મુખ્ય કસોટી યોજાશે. જે વર્ણનાત્મક લેખિત સ્વરૂપની હશે. આ કસોટીમાં પ્રશ્નપત્રોનું માળખું નીચે મુજબ હશે.

- ➢ આ મુખ્ય કસોટીના બે પ્રશ્નપત્રો રહેશે. પ્રશ્નપત્ર-૧ માં ગુજરાતી/અંગ્રેજી સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે તથા પ્રશ્નપત્ર-૨ માં વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે. આમ આ મુખ્ય પરીક્ષા ૨૦૦ ગુણની રહેશે.
- ➢ આ પરીક્ષામાં વિષયવસ્તુનો અભ્યાસક્રમ ધોરણ - ૯ થી ૧૦ નો રહેશે તેમજ તેમનું કઠિનતા અને અનુબંધ સ્નાતક કક્ષાનું રહેશે. (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસક્રમ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવશે.)
- ➢ પ્રશ્નપત્ર - ૧ માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૫૦ મિનીટનો રહેશે.
- ➢ પ્રશ્નપત્ર - ૨ માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૮૦ મિનીટનો રહેશે.

❖ પ્રશ્નપત્ર-૧:ભાષા ક્ષમતા (કોષ્ટક - ૧ મુજબ)

અ) ગુજરાતી ભાષા ક્ષમતા (ગુજરાતી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

બ) અંગ્રેજી ભાષા ક્ષમતા (અંગ્રેજી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

❖ પ્રશ્નપત્ર-૧ ગુજરાતી સજ્જતા (કોષ્ટક-૧) (૧૦૦ ગુણ)

| ક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્નસ્વરૂપ | |
|---|---|---|
| ૧ | નિબંધ : આશરે ૨૫૦ થી ૩૦૦ શબ્દોમાં (વર્ણનાત્મક વિશ્વેષાત્મક, ચિંતનાત્મક /સાંપ્રત સમય પર આધારિત) | |
| ૨ | સંક્ષેપીકરણ આપેલ ગદ્યમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ | |
| ૩ | પત્ર લેખન : (આશરે ૧૦૦ શબ્દોમાં) (અભિનંદન/શુભેચ્છા/વિનંતી/ફરિયાદવગેરે) | |
| ૪ | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં)<br>(વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો/ સાંપ્રત સમસ્યાઓ વ્યક્તિગત અભિપ્રાય દર્શાવતું ચિત્ર) | |
| ૫ | વ્યાકરણ (સૂચવ્યા મુજબ જવાબ લખો) | |
| | 1. રૂઢિપ્રયોગના અર્થ અને વાક્ય પ્રયોગ | 2. કહેવતોનો અર્થ |
| | 3. સમાસનો વિગ્રહ અને ઓળખ | 4. છંદ ઓળખાવો |
| | 5. અલંકાર ઓળખાવો | 6. શબ્દસમૂહ માટે એક શબ્દ |
| | 7. જોડણી શુદ્ધિ | 8. લેખનશુદ્ધિ, ભાષાશુદ્ધિ |
| | 9. સંધિ – જોડો કે છોડો | 10. વાક્ય રચનાના અંગો/ વાક્યના પ્રકાર વાક્ય પરિવર્તન |

<u>અથવા</u>

❖ પ્રશ્નપત્ર-૧ અંગ્રેજી સજ્જતા (કોષ્ટક - ૧) (૧૦૦ ગુણ)

| ક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્નસ્વરૂપ | |
|---|---|---|
| 1 | Report Writing (in about 200 words)<br>A report on an official function/ event/ field trip/ survey etc. | |
| 2 | Writing on Visual Information (in about 150 words)<br>A report on a graph/image/ flow chart/ table of comparison/simple/ statistical data etc. | |
| 3 | Formal Speech (in about 150 words)<br>A speech (in a formal style) that is to be read out in a formal function. This could be an inauguration speech, an educational seminar/ conference, a formal ceremony of importance etc. | |
| 4 | Application/Letter Writing (in about 150words) | |
| 5 | Grammar | |
| | 1. Tenses | 2. Voice |
| | 3. Narration (Direct-Indirect) | 4. Transformation of sentences |
| | 5. Use of articles and determiners | 6. Use of Propositions |
| | 7. Use of Phrasal Verbs | 8. Use of idiomatic expressions |
| | 9. Administrative Glossary | 10. Synonyms/Antonyms |
| | 11. One-word substitution | 12. Affixes |
| | 13. Cohesive devices/connectives/ Linkers | 14. Word that cause confusion like homonyms/homophones |

❖ પ્રશ્નપત્ર-૨ : વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતા (કોષ્ટક - ૨) (૧૦૦ ગુણ)

- શિક્ષણ વિભાગનાં સુધારા ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/5921/G, તા:૧૩/૦૧/૨૦૨૬ અનુસાર પ્રશ્નપત્ર – ૨ માં પ્રશ્નસ્વરૂપ નીચે મુજબ રહેશે. (ઠરાવ આ સાથે સામેલ છે.)
- જે વિષય માટે અરજી કરી હોય તે વિષયનું પ્રશ્નપત્ર રહેશે

| ક્રમ | પ્રશ્નસ્વરૂપ | ગુણભાર |
|---|---|---|
| ૧ | મુદ્દાસર જવાબ આપો (૧૫૦ થી ૧૮૦ શબ્દોમાં). સાત પ્રશ્નો (દરેક પ્રશ્નના ૦૫ ગુણ) | ૩૫ |
| ૨ | માગ્યા પ્રમાણે જવાબ આપો (૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં) સાત પ્રશ્નો (દરેક પ્રશ્નના ૦૪ ગુણ) | ૨૮ |
| ૩ | એક કે બે વાક્યમાં જવાબ આપો. અગિયાર ફરજિયાત (દરેક પ્રશ્નનાં ૦૨ ગુણ) | ૨૨ |
| ૪ | હેતુલક્ષી પ્રશ્નો (ખાલી જગ્યા પૂરો / જોડકાં જોડો/ સાચા-ખોટા / વગેરે) (દરેક પ્રશ્નનો ૦૧ ગુણ) | ૧૫ |
| | કુલ ગુણ | ૧૦૦ |

❖ શિક્ષક અભિરુચિ કસોટીમાં યોગ્યતા પ્રાપ્ત કરવાના ધોરણો:

- **<u>પ્રાથમિક પરીક્ષા:</u>** રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ Cut-Off થી વધુ ગુણ પ્રાથમિક પરીક્ષામાં મેળવનાર ઉમેદવાર મુખ્ય પરીક્ષા આપી શકશે.
  (મુખ્ય પરીક્ષા માટે પ્રાથમિક પરીક્ષામાં Cut-Off થી વધુ ગુણ મેળવનાર ઉમેદવારે અલગ થી અરજી કરવાની રહેશે નહીં. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં બેસવા માટે ઓળખપત્ર (Hall Ticket) ઓનલાઇન માધ્યમથી આપવામાં આવશે.)
- **<u>મુખ્ય પરીક્ષા:</u>** શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/5921/G, તા:૨૭/૦૧/૨૦૨૬ અનુસાર સામાન્ય (GENERAL) કેટેગરીનાં ઉમેદવારોનાં કિસ્સામાં મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦% ગુણ મેળવેલ ઉમેદવારોનો મેરિટ લીસ્ટમાં સમાવેશ કરવામાં આવશે અને અનુસૂચિત જાતી (SC), અનુસુચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળા વર્ગો (EWS) અને દિવ્યાંગ (PH) કેટેગરીનાં ઉમેદવારોનાં કિસ્સામાં મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૫% ગુણ મેળવેલ ઉમેદવારોનો મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે.

❖ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની સમયમર્યાદા:

- શિક્ષક અભિરુચિ કસોટીનું આયોજન સમયાંતરે કરવામાં આવશે. કોઈપણ વર્ષે યોજાયેલ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની માન્યતા અવધિ ત્યારબાદ લીધેલ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવે ત્યાં સુધીની રહેશે.

❖ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની ઉપયોગિતા બાબત:

- આ કસોટીઓ નોંધાયેલી ખાનગી માધ્યમિક અને સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે જરૂરી લાયકાત મેળવવા માટેની છે. આ કસોટી પાસ કરવાથી શિક્ષક તરીકેની પસંદગીનો હક્ક પ્રસ્થાપિત થતો નથી.
- કોઈપણ યોજના અંતર્ગત કોઈપણ સંસ્થા તેઓના નીતિ-નિયમો અનુસાર યોગ્ય લાગે તો જરૂરિયાત મુજબ આ મેરીટ લીસ્ટનો ઉપયોગ કરી શકશે.

❖ કસોટી/પરીક્ષા કેન્દ્રઃ-

- કસોટી/પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકુળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપવાની રહેશે.

❖ અગત્યની સુચનાઓઃ-

- ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઇટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
- પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે http://ojas.gujarat.gov.in અને http://www.sebexam.org વેબસાઈટ જોતા રહેવાનું રહેશે.

- ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ખરાઇ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત,અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
- ઓનલાઈન અરજી પત્રકમાં દર્શાવેલ વિગતમાં આવેદન પત્ર ભરાયા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કોઈ ફેરફાર કરવામાં આવશે નહિ જો અરજદારે આવેદન પત્રમાં કોઈ માહિતી ખોટી ભરેલ હોય તો નિયત સમયમર્યાદામાં અરજદારે ફરીથી આવેદન પત્ર ભરવાનું રહેશે. ભરાયેલ આવેદન પત્રની વિગતોમાં ફેરફાર અંગેની કોઈ પણ અરજી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.
- આ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદન પત્ર ઓનલાઇન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરીણામ રદ્દ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે.
- ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે. તેવુ પ્રમાણપત્ર ઓનલાઇન આપવાનું રહેતું હોઇ જો કોઇ ખોટી વિગત રજુ કરશે તો તેનું ફોર્મ રદ્દ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.
- વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.
- અનુસૂચિત જાતિના તેમજ અનુસૂચિત જનજાતિ કિસ્સામાં સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર જરૂરી છે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજય સરકારે નકકી કરેલા સક્ષમ અધિકારીનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા:૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ અને આ અંગે વખતોવખતના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારીનું ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઈએ.
- શારીરિક અપંગતા (Physically Handicap) ના કિસ્સામાં રાજય સરકારે નક્કી કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે. ઉપરાંત શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક:BMS/11/2019/631243/G, તા:૧૯/૦૫/૨૦૨૩ ની જોગવાઈઓ લાગુ પડશે.
- આર્થિક રીતે નબળા વર્ગોના (Economically Weaker Sections) અનામત માટે પાત્રતા પ્રમાણપત્ર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા:૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અને આ અંગે વખતોવખતના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારીશ્રીનું ‘‘આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર’’ મેળવેલ હોવું જોઈએ.
- ઉમેદવારે વેબસાઈટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢી તે ફોર્મમાં સહી કરીને જરૂરી આધારો જેવા કે પરીક્ષા ફી ભર્યાની પે સ્લીપ નકલ, જાતિ પ્રમાણપત્ર, ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર અને શારિરીક અપંગતા (Physically Handicap) અંગેનું પ્રમાણપત્ર પૈકી ઉમેદવારને લાગુ પડતા હોય તેવા આધારો પોતાની પાસે રાખવાના રહેશે. જ્યારે કોઈ જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે ઉમેદવારે તે રજુ કરવાના રહેશે.
- જે ઉમેદવારે નિયત પરીક્ષા ફી ભરેલ હશે તે જ ઉમેદવાર પોતાની કમ્પ્યુટરાઇઝ હોલટિકિટ http://ojas.gujarat.gov.in અને http://www.sebexam.org વેબસાઇટ પરથી નિયત સમયગાળા દરમિયાન પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મતારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
- ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો.

- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઇ રહેલ આ કસોટી બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઇપણ જાતની લાગવગ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
- ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીના ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન બોર્ડની કચેરીના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 1800 233 7963 / 079 232 48462 ઉપર સંપર્ક કરી શકાશે.
- **નોંધ: આ પરીક્ષાનું માળખુ, પરીક્ષા પધ્ધતિ અને બાકીની સુચનાઓ પરીક્ષા પહેલા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો, સુચનાઓ અને જોગવાઈઓને આધિન રહેશે.**

❖ ઓનલાઈન અરજી કરવાની રીત :

- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૮/૦૨/૨૦૨૬ થી તા:૨૭/૦૨/૨૦૨૬ દરમિયાન http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે અને તા:૧૮/૦૨/૨૦૨૬ થી તા:૨૮/૦૨ /૨૦૨૬ સુધીમાં ઓનલાઈન ફી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ નીચે મુજબની છે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.
- અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. નામ, અટક, જન્મ તારીખ, જાતિ (કેટેગરી) કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in પર જવું.
- "Apply Online" પર Click કરવું.
- ઉમેદવાર ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ આ બે પૈકી જે માધ્યમમાં કસોટી આપવા માટે પાત્રતા ધરાવતા હોય તે માધ્યમ પસંદ કરી ''શિક્ષક અભિરુચિ કસોટી(માધ્યમિક) TAT (Secondary)-૨૦૨૬ નું ફોર્મ ભરવું.
- Apply Now પર Click કરવાથી Application Form દેખાશે. Application Form માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. (અહીં લાલ(*) કુંદડીની નિશાની જ્યાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Educational Details ઉપર Click કરીને તેની વિગતો પૂરેપૂરી ભરવી.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Ok પર Click કરો. અહી Photo અને Signature upload કરવાના છે.(ફોટાનું માપ 5 સે.મી. ઉંચાઈ અને 3.6 સે.મી. પહોળાઈ અને Signature નું માપ 2.5 સે.મી. ઉંચાઈ અને 7.5 સે.મી. પહોળાઈ રાખવી.) Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે સોફ્ટ કોપીમાં હોવા જોઈએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG formatમાં તમારો Photo store થયેલ છે તે ફાઈલને Select કરો અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં Upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ Upload કરવાની રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમા Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ Ok પર Click કરવાથી બે (2) બટન 1:Application Preview 2.Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી.

- અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ જાતનો સુધારો કરી શકાશે નહી. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવુ. વધુમાં ઉમેદવારે વિગતો ભરતી વખતે જો પોતાના નામ, અટક, જન્મ તારીખ કે કેટેગરી જો કોઈ ભૂલ કરેલ હશે તો પાછળથી માર્કશીટમાં કોઈ સુધારો કરવામાં નહી આવે તેની ઉમેદવારે ખાસ ધ્યાન રાખવું.
- Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. ઉમેદવારે બોર્ડ સાથે કોઈપણ પત્ર વ્યવહાર કે રજૂઆત કરતી વખતે પોતાનો આ Confirmation Number દર્શાવવાનો રહેશે.
- આ પરીક્ષાની ફી માત્ર ઓનલાઈન પેમેન્ટ મોડ થી ભરવાની રહેશે.
- ઉમેદવારે ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ATM-DEBIT CARD / CREDIT CARD / NET BANKING / UPI / WALLET થી તા:૧૮/૦૨ /૨૦૨૬ થી તા:૨૮/૦૨ /૨૦૨૬ સુધી પરીક્ષા ફી ભરી શકશે.

❖ ફી ભરવાની પધ્ધતિ:

- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૮/૦૨/૨૦૨૬ થી તા:૨૮/૦૨/૨૦૨૬ દરમિયાન http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન જ ફી સ્વીકારવામાં આવશે.
- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM - DEBIT CARD / CREDIT CARD / NET BANKING / UPI / WALLET થી પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી ભરવા માટે "Print Application/Pay Fees" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ "Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "Net Banking of fee" અથવા "Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું Screen પર લખાયેલું આવશે અને E-Receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રકિયામાં કોઇ ખામી હશે તો Screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઇન ફી ભરનાર ઉમેદવારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ફી ની E-Receipt જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલ (gseb21@gmail.com) થી સંપર્ક કરવાનો રહેશે.
- ઓનલાઈન ફીની E-receipt જનરેટ ન થાય તો હોલ ટીકીટ નીકળશે નહિ તેથી ફીની E-Receipt ન નિકળે તો રાજ્ય પરીક્ષા બોર્ડનો સંપર્ક કરવો.

સ્થળ: ગાંધીનગર

તારીખ:૧૨ /૦૨/૨૦૨૬

(પી. કે. ત્રિવેદી)

અધ્યક્ષ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

નકલ સવિનય જાણ તથા અમલ સારૂઃ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

નકલ સવિનય રવાના જાણ સારૂ :

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાનાં શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, રા.ક. શિક્ષણ મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી, (પ્રા. અને મા. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪માં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે .

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃમશબ/૧૧૧૬/૧૨/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૧/૦૧/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૮/૦૬/૨૦૧૮નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૨૪/૧૨/૨૦૨૦ નો પત્રક્રમાંકઃમઉમશબ/શા.નિ./૧૫૪૭૦.

(૩) શિક્ષણ વિભાગની ઉચ્ચ કક્ષાની તજજ્ઞ સમિતિની તા.૦૨/૦૧/૨૦૨૧ ની બેઠકની કાર્યવાહી નોંધ.

(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૦૬/૦૧/૨૦૨૧ નો પત્રક્રમાંકઃમઉમશબ/શા.નિ./૧૭૩૯૩.

આ મુ ખઃ-

શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) સામે દર્શાવેલ ઠરાવથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૩) થી ૨૦(૮)માં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ નક્કી કરવામાં આવેલ છે. જેમાં સુધારા કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંદર્ભ (૨) સામેના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત શિક્ષણ વિભાગની ઉચ્ચ કક્ષાની તજજ્ઞ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતી હોવાથી સંદર્ભ (૩) સામેની તા.૦૨/૦૧/૨૦૨૧ના રોજ યોજાયેલ બેઠકમાં થયેલી ભલામણોના આધારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંદર્ભ (૪) સામેના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના વિનિયમ ક્રમાંક: ૨૦(૩) થી ૨૦(૮), ૨૦(૧૦), ૨૦(ક) અને ૨૦(ખ)



Scanned with CamScanner

ધ્યાને લઇ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમમાં પત્રક-છ સાથેના પરિશિષ્ટ-૩,૪,૫,૬ અને ૭ મુજબ સુધારા કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૩) થી ૨૦(૮), ૨૦(૧૦), ૨૦(ક) અને ૨૦(ખ) માં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત, વિષયો તેમજ માધ્યમ સંદર્ભે હાલની જોગવાઇઓના બદલે આ ઠરાવ સાથેના પત્રક-છ માં દર્શાવેલ જોગવાઇઓ ધ્યાને લઇ માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટે પરિશિષ્ટ-૩ મુજબ, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટે પરિશિષ્ટ-૪ મુજબ, કૃષિ-ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષક સહાયકની ભરતી માટે પરિશિષ્ટ-૫ મુજબ, કૃષિ-ઉત્તર બુનિયાદી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટે પરિશિષ્ટ-૬ મુજબ તેમજ વિશિષ્ટ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટે પરિશિષ્ટ-૭ મુજબની જોગવાઇઓ નિયત કરવા આથી સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૧/૦૧/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મૌલિકા શાહ )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, ગ-૧-શાખા અને ગ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ મારફત)
- ના. સે. અ. સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.

Sevlar 308

Scanned with CamScanner

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ |
| ૧ | ૨૦(3) | ૨૦(3)<br>કોઈ વ્યક્તિને<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય અને<br>(ખ)(૧) તે કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઈ યુનિવર્સિટીની કોઈ વિદ્યાશાખામાં પદવી ધરાવતી હોય, અથવા<br>(૨) બી.ટી.ની પદવી અથવા બી.એડ ની પદવી અથવા બોર્ડ માન્ય કરેલી કોઈ પદવી અથવા તેને સમકક્ષ પદવી ધરાવતી હોય, અથવા<br>(3) સ્નાતકોની પાયાની તાલીમ કેન્દ્રો તરફથી અપાતો શિક્ષણનો ડિપ્લોમાં, અથવા<br>(૪) રાજ્ય સરકારે અથવા આંતર યુનિવર્સિટી બોર્ડ પેરેગ્રાફ (૨) થી (3) માં જણાવેલી કોઈ લાયકાતને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઈ પદવી, ડિપ્લોમાં અથવા પ્રમાણપત્ર ધરાવતી હોય અથવા તે સિવાય, શિક્ષક તરીકે નીમી શકાશે નહી.<br>(૫) કોમ્પ્યુટર શિક્ષકની જગ્યા માટે<br>BCA, B.Ed. અથવા B.E. (Computer) B.Ed અથવા M.SC.(IT) B.Ed અથવા B.E(IT) B.Ed જણાવેલ લાયકાતને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઈ પણ પદવી ડિપ્લોમા અથવા | ૨૦(3)<br>(૧) માધ્યમિક વિભાગના શિક્ષક / શિક્ષણ સહાયક માટેની લઘુત્તમ લાયકાત નીચે પ્રમાણે રહેશે.<br>કોઈ વ્યક્તિને<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) તે કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની સંબંધિત વિદ્યાશાખામાં સ્નાતકની યુ.જી.સી.ના નોર્મ્સ પ્રમાણેની પદવી ધરાવતી હોય, અને<br>(૨) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) / નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (NCTE) / રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (R.C.I.) ના નોર્મ્સ પ્રમાણેની માન્યતા પ્રાપ્ત શિક્ષણમાં વ્યવસાયિક સ્નાતક (બી.એડ.) ની પદવી અથવા તેને સમકક્ષ પદવી ધરાવતી હોય, અથવા<br>(3) રાજ્ય / કેન્દ્ર સરકારે અથવા યુ.જી.સી.એ ઉપરોકત પેરેગ્રાફ (૧) અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) / નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (NCTE) / રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (R.C.I.) દ્વારા પેરેગ્રાફ (૨) માં જણાવેલી કોઈ લાયકાતને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઈ પદવી ધરાવતી હોય, અને<br>(ગ) પરિશિષ્ટ-3 માં દર્શાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો અને TAT SECONDARY પરીક્ષા ઉત્તીર્ણ કરેલ હોય.<br>તે સિવાય, માધ્યમિક વિભાગમાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નીમી શકાશે નહિ.<br>૨૦(3) |

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | પ્રમાણપત્ર ધરાવતી હોય તે સિવાય કોમ્પ્યુટર શિક્ષક નીમી શકાશે નહી.<br>વધુમાં આવા કોમ્પ્યુટર શિક્ષકોએ કોમ્પ્યુટરની સાથે અન્ય સાક્ષરી વિષયો ભણાવવા પડશે. માધ્યમિક શિક્ષકને મળતો કાર્યબોજ આ વિષયના શિક્ષકને આપવાનો રહેશે.<br>માધ્યમિક વિભાગના છ કે તેથી વધુ વર્ગોની શાળાઓમાં મળવા પાત્ર રેશિયામાં આ નિમણૂંક કરી શકાશે.<br>તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિનિયમ-૨૦(૩)માં કોમ્પ્યુટર શિક્ષક માટે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.<br>કોઈ વ્યક્તિને<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) તે કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઈ યુનિવર્સિટીની કોઈ વિદ્યાશાખામાં અનુસ્નાતકની પદવી ધરાવતી હોય<br>(૨) બી.ટી. ની પદવી અથવા બી.એડ ની પદવી અથવા બોર્ડે માન્ય કરેલી કોઈ પદવી અથવા તેને સમકક્ષ પદવી ધરાવતી હોય અથવા<br>(૩) સ્નાતકોની પાયાની તાલીમ કેન્દ્રો તરફથી અપાતો શિક્ષણનો ડિપ્લોમાં અથવા<br>(૪) રાજ્ય સરકારે અથવા આંતર યુનિવર્સિટી બોર્ડ પેરેગ્રાફ (૨) થી (૩) માં જણાવેલી કોઈ લાયકાતને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઈ પદવી, | (૨) ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક / શિક્ષણ સહાયક માટેની લઘુત્તમ લાયકાત નીચે પ્રમાણે રહેશે.<br>કોઈ વ્યક્તિને<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) તે કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની સંબંધિત વિદ્યાશાખામાં સ્નાતક તેમજ અનુસ્નાતકની યુ.જી.સી.ના નોર્મ્સ પ્રમાણે પદવી ધરાવતી હોય, અને<br>(૨) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) / નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (N.C.T.E.) / રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (R.C.I.) ના નોર્મ્સ પ્રમાણેની માન્યતા પ્રાપ્ત શિક્ષણમાં વ્યવસાયિક સ્નાતક (બી.એડ.) ની પદવી અથવા તેને સમકક્ષ પદવી ધરાવતી હોય.<br>અથવા<br>(૩) રાજય / કેન્દ્ર સરકારે અથવા યુ.જી.સી.એ ઉપરોકત પેરેગ્રાફ (૧) અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) / નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (N.C.T.E) / રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (R.C.I.) દ્વારા પેરેગ્રાફ (૨) માં જણાવેલી કોઈ લાયકાતને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઈ પદવી ધરાવતી હોય, અને<br>(ગ) પરિશિષ્ટ-૪ માં દર્શાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો અને TAT HIGHER SECONDARY પરીક્ષા ઉર્તીણ કરેલ હોય,<br>તે સિવાય, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નીમી શકાશે નહિ. |

Scanned with CamScanner

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | ડિપ્લોમા, અથવા પ્રમાણપત્ર ધરાવતી હોય તે સિવાય, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક તરીકે નીમી શકાશે નહી.<br>(૫) કોમ્પ્યુટર શિક્ષકની જગ્યા માટે<br>MCA, B.Ed અથવા M.E.(Computer) B.Ed અથવા M.SC.(IT) B.Ed અથવા M.E. (IT) B.Ed જણાવેલ લાયકાત અથવા તેને સમકક્ષ તરીકે મંજૂર કરેલી બીજી કોઈ પણ પદવી ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર ધરાવતી હોય તે સિવાય કોમ્પ્યુટર શિક્ષક તરીકે નીમી શકાશે નહી.<br>વધુમાં આવા કોમ્પ્યુટર શિક્ષકોએ કોમ્પ્યુટરની સાથે અન્ય સાક્ષરી વિષયો ભણાવવા પડશે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષકને મળતો કાર્યબોજ આ વિષયના શિક્ષકને આપવાનો રહેશે.<br>ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં છ કે તેથી વધુ વર્ગોની શાળાઓમાં મળવા પાત્ર રેશિયામાં આ નિમણૂંક કરી શકાશે. | |
| ૨ | ૨૦(૪) | ૨૦(૪)<br>કોઈ વ્યક્તિને –<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઇ યુનિવર્સિટીની લલિત કલાની પદવી તે ધરાવતી હોય, અથવા<br>(૨) ડ્રોઈંગ ટીચર અથવા ડ્રોઈંગ માસ્તરનો ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર તે ધરાવતી હોય,<br>(૩) આર્ટ માસ્ટરનું પ્રમાણપત્ર તે ધરાવતી હોય, | ૨૦(૪)<br>કોઈ વ્યક્તિને –<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઈ યુનિવર્સિટીની લલિત કલાની પદવી તે ધરાવતી હોય, અથવા<br>(૨) ડ્રોઈંગ ટીચર અથવા ડ્રોઈંગ માસ્ટરનો ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર તે ધરાવતી હોય,<br>(૩) આર્ટ માસ્ટરનું પ્રમાણપત્ર તે ધરાવતી હોય, અને |

Scanned with CamScanner

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | તે સિવાય, ડ્રોઈંગ શિક્ષક તરીકે નીમી શકાશે નહિ. | (ગ) પરિશિષ્ટ-3 માં દર્શાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો અને TAT SECONDARY પરીક્ષા ઉર્તીણ કરેલ હોય,<br>તે સિવાય, માધ્યમિક વિભાગમાં ડ્રોઈંગ શિક્ષક તરીકે નીમી શકાશે નહિ. |
| 3 | ૨૦(૫) | ૨૦(૫)<br>કોઈ વ્યક્તિને<br>(ક) તેણે એકવીસ વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) કોઈપણ વિદ્યા-શાખાના સ્નાતક + MCA અથવા PGDCA + B.Ed.<br>અથવા<br>(૨) સ્નાતક કક્ષાએ કોમ્પ્યુટરનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ + B.Ed.<br>અથવા<br>(3) ચાર વર્ષના અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એન્જીનીયરીંગ કે તેની સમકક્ષ સ્નાતક ડીગ્રી + B.Ed.<br>અથવા<br>(૪) MSC (IT) + B.Ed. ની લાયકાત ધરાવતી હોય તે સિવાય કોમ્પ્યુટર શિક્ષક તરીકે નિમી શકાશે નહીં. | ૨૦(૫)<br>(૧) માધ્યમિક વિભાગના કોમ્પ્યુટર શિક્ષક / કોમ્પ્યુટર શિક્ષણ સહાયક માટેની લઘુત્તમ લાયકાત નીચે પ્રમાણે રહેશે.<br>કોઈ વ્યક્તિને<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય અને<br>(ખ)(૧) તે કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની BCA અથવા B.E. / B.Tech (Computer / Computer Science) અથવા B.Sc (IT) અથવા B.E / B.Tech (IT) અથવા B.Sc (Computer / Computer Science) વિદ્યાશાખામાં સ્નાતકની યુ.જી.સી.ના નોર્મ્સ પ્રમાણેની પદવી ધરાવતી હોય, અને જણાવેલ લાયકાતને સમકક્ષ તરીકે યુ.જી.સી. દ્વારા મંજૂર કરેલી કોઈ પણ સ્નાતકની પદવી ધરાવતી હોય, અને<br>(૨) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) / નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (N.C.T.E.) / રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (R.C.I.) ના નોર્મ્સ પ્રમાણેની માન્યતા પ્રાપ્ત શિક્ષણમાં વ્યવસાયિક સ્નાતક (બી.એડ.) ની પદવી અથવા તેને સમકક્ષ પદવી ધરાવતી હોય,<br>(ગ) પરિશિષ્ટ-3 માં દર્શાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો અને TAT SECONDARY પરીક્ષા ઉર્તીણ કરેલ હોય,<br>તે સિવાય, માધ્યમિક વિભાગમાં કોમ્પ્યુટર શિક્ષક / કોમ્પ્યુટર શિક્ષણ સહાયક તરીકે નીમી શકાશે નહિ. |

Scanned with CamScanner

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | | વધુમાં આવા કોમ્પ્યુટર શિક્ષકોએ કોમ્પ્યુટરની સાથે અન્ય સાક્ષરી વિષયો શિખવવાના રહેશે. માધ્યમિક શિક્ષકને મળતો કાર્યબોજ આ વિષયના શિક્ષકને આપવાનો રહેશે.<br>માધ્યમિક વિભાગના ૦૬ (છ) કે તેથી વધુ વર્ગોની શાળાઓમાં મળવાપાત્ર શિક્ષક રેશિયામાં આ નિમણૂંક કરી શકાશે.<br>૨૦(૫)<br>(૨) ઉચ્ચતર માધ્યમિક વિભાગના કોમ્પ્યુટર શિક્ષક / કોમ્પ્યુટર શિક્ષણ સહાયક માટેની લઘુત્તમ લાયકાત નીચે પ્રમાણે રહેશે.<br>કોઈ વ્યક્તિને<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) તે કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની વિનિયમ-૨૦(૫)(૧)(ખ)(૧) મુજબની સ્નાતકની તેમજ તે જ વિદ્યાશાખામાંથી અનુસ્નાતકની પદવી યુ.જી.સી.ના નોર્મ્સ પ્રમાણેની ધરાવતી હોય, અને જણાવેલ લાયકાતને સમકક્ષ તરીકે યુ.જી.સી. દ્વારા મંજૂર કરેલી કોઈ પણ અનુસ્નાતકની પદવી ધરાવતી હોય અને<br>(૨) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) / નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (N.C.T.E.) / રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (R.C.I.) ના નોર્મ્સ પ્રમાણેની માન્યતા પ્રાપ્ત શિક્ષણમાં વ્યવસાયિક સ્નાતક (બી.એડ.) ની પદવી અથવા તેને સમકક્ષ પદવી ધરાવતી હોય, અને<br>(ગ) પરિશિષ્ટ-૪ માં દર્શાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો અને TAT HIGHER SECONDARY પરીક્ષા ઉર્તીણ કરેલ હોય. |

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | | તે સિવાય, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કોમ્પ્યુટર શિક્ષક / કોમ્પ્યુટર શિક્ષણ સહાયક તરીકે નીમી શકાશે નહિ.<br>વધુમાં આવા કોમ્પ્યુટર શિક્ષકોએ કોમ્પ્યુટરની સાથે અન્ય સાક્ષરી વિષયો શિખવવાના રહેશે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષકને મળતો કાર્યબોજ આ વિષયના શિક્ષકને આપવાનો રહેશે.<br>ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૦૬ (છ) કે તેથી વધુ વર્ગોની શાળાઓમાં મળવાપાત્ર શિક્ષક રેશિયામાં આ નિમણૂંક કરી શકાશે. |
| ૪ | ૨૦(૬) | ૨૦(૬)<br>કોઈ વ્યક્તિને –<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ) શિક્ષણ તરીકે નિમાવા માટે ખંડ (૩)માં ઠરાવેલી લાયકાતો અથવા ઉપર્યુક્ત લાયકાતોને સમકક્ષ તરીકે રાજ્ય સરકારે અથવા આંતર યુનિવર્સિટી બોર્ડે માન્ય કરી હોય તેવી લાયકાતો ધરાવતી હોય તે સિવાય ભાષા (એરેબિક, હિન્દી, પર્શિયન, સંસ્કૃત વગેરે), શિક્ષક તરીકે નીમી શકાશે નહિ. | ૨૦(૬)<br>(૧) માધ્યમિક વિભાગના શિક્ષક / શિક્ષણ સહાયક માટેની લઘુત્તમ લાયકાત નીચે પ્રમાણે રહેશે.<br>કોઈ વ્યક્તિને –<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ) શિક્ષક તરીકે નિમાવા માટે વિનિયમ ૨૦(૩)(૧)(ખ)માં ઠરાવેલી લાયકાતો ધરાવતી હોય, અને<br>(ગ) પરિશિષ્ટ-૩ માં દર્શાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો અને TAT SECONDARY પરીક્ષા ઉર્તીણ કરેલ હોય,<br>તે સિવાય માધ્યમિક વિભાગમાં ભાષાના (એરેબિક, હિન્દી, પર્શિયન, સંસ્કૃત વગેરે) શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નીમી શકાશે નહિ.<br>૨૦(૬)<br>(૨) ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક / શિક્ષણ સહાયક માટેની લઘુત્તમ લાયકાત નીચે પ્રમાણે રહેશે.<br>કોઈ વ્યક્તિને –<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને |

Scanned with CamScanner

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | | (ખ) શિક્ષક તરીકે નિમાવા માટે વિનિયમ ૨૦(૩)(૨)(ખ)માં ઠરાવેલી લાયકાતો ધરાવતી હોય, અને<br>(ગ) પરિશિષ્ટ-૪ માં દર્શાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો અને TAT HIGHER SECONDARY પરીક્ષા ઉર્તીણ કરેલ હોય,<br>તે સિવાય ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ભાષાના (એરેબિક, હિન્દી, પર્શિયન, સંસ્કૃત વગેરે) શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નીમી શકાશે નહિ. |
| ૫ | ૨૦(૭) | ૨૦(૭)<br>કોઈ વ્યક્તિને -<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ) તે સંગીત વિશારદ હોય તે સિવાય સંગીત શિક્ષક તરીકે નીમી શકાશે નહિ. | ૨૦(૭)<br>કોઈ વ્યક્તિને -<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ) તે સંગીત વિશારદ હોય, અને<br>(ગ) પરિશિષ્ટ-૩ માં દર્શાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો અને TAT SECONDARY પરીક્ષા ઉર્તીણ કરેલ હોય,<br>તે સિવાય માધ્યમિક વિભાગમાં સંગીત શિક્ષક તરીકે નીમી શકાશે નહિ. |
| ૬ | ૨૦(૮) | ૨૦(૮)<br>કોઈ વ્યક્તિને –<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) મેટ્રિક્યુલેટ અથવા એસ.એસ.સી. પરીક્ષા વ્યાયામ શિક્ષણમાં એક વર્ષના પ્રમાણપત્ર અભ્યાસક્રમ સાથે પાસ કરી હોય, અથવા<br>(૨) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઈ પણ યુનિવર્સિટીની શારીરિક શિક્ષણની પદવી અથવા કાયદાથી સ્થપાયેલ ભારતની કોઈ પણ યુનિવર્સિટીની કોઈ પણ વિદ્યાશાખામાં પદવી અને | ૨૦(૮)<br>(૧) માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષક / વ્યાયામ શિક્ષણ સહાયક માટેની લઘુત્તમ લાયકાત નીચે પ્રમાણે રહેશે.<br>કોઈ વ્યક્તિને –<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) વિનિયમ-૨૦(૩)(૧)(ખ)(૧) મુજબની લાયકાત ધરાવતા હોય અને<br>(૨) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) / નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (N.C.T.E.) / રિહબિલિટેશન કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (R.C.I.) ના નોર્મ્સ પ્રમાણેની માન્યતા પ્રાપ્ત |

Scanned with CamScanner

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | વ્યાયામ શિક્ષણનો ડિપ્લોમા અથવા બોર્ડે માન્ય કરેલ તેને સમકક્ષ ડિપ્લોમા ધરાવતી હોય, અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના એક્ટ હેઠળ જાહેર થયેલ ડીમ્ડ ટુ બી – યુનિવર્સિટીની શારીરિક શિક્ષણની પદવી ધરાવતી હોય.'<br><br>તે સિવાય, વ્યાયામ શિક્ષક તરીકે નીમી શકાશે નહિ. | વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત (B.P.ED) અથવા વ્યાયામ શિક્ષણનો ડિપ્લોમા (D.P.ED) ધરાવતી હોય,<br>અથવા<br>(૧) તે કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઈ પણ માન્ય યુનિવર્સિટીની શારીરિક શિક્ષણની સ્નાતકની પદવી [ત્રણ (03) વર્ષ કે તેથી વધુ સમયગાળાનો શારીરિક શિક્ષણમાં સ્નાતકનો અભ્યાસક્રમ] ધરાવતી હોય અને,<br>(૨) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) / નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (N.C.T.E.) / રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (R.C.I.) ના નોર્મ્સ પ્રમાણેની માન્યતા પ્રાપ્ત વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત (B.P.ED) અથવા વ્યાયામ શિક્ષણનો ડિપ્લોમા (D.P.ED) અથવા શિક્ષણમાં વ્યવસાયિક સ્નાતક (બી.એડ.) ધરાવતી હોય, અને<br>(ગ) પરિશિષ્ટ–૩ માં દર્શાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો અને TAT SECONDARY પરીક્ષા ઉર્તીણ કરેલ હોય,<br>તે સિવાય, માધ્યમિક વિભાગમાં વ્યાયામ શિક્ષક / વ્યાયામ શિક્ષણ સહાયક તરીકે નીમી શકાશે નહિ.<br>માધ્યમિક વિભાગના ૦૪ (ચાર) કે તેથી વધુ વર્ગોની શાળાઓમાં મળવાપાત્ર શિક્ષક રેશિયામાં આ નિમણૂંક કરી શકાશે.<br>૨૦(૮)<br>(૨) ઉચ્ચતર માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષક / વ્યાયામ શિક્ષણ સહાયક માટેની લઘુત્તમ લાયકાત નીચે પ્રમાણે રહેશે.<br><br>કોઈ વ્યક્તિને – |

Scanned with CamScanner

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | | (ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ)(૧) વિનિયમ-૨૦(૩)(૨)(ખ)(૧) મુજબની લાયકાત ધરાવતા હોય, અને<br>(૨) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) / નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (N.C.T.E.) / રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (R.C.I.) ના નોર્મ્સ પ્રમાણેની માન્યતા પ્રાપ્ત વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત (B.P.ED) અથવા વ્યાયામ શિક્ષણનો ડિપ્લોમા (D.P.ED) ધરાવતી હોય,<br>અથવા<br>(૧) તે કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઈ પણ માન્ય યુનિવર્સિટીની શારીરિક શિક્ષણની સ્નાતકની તેમજ શારીરિક શિક્ષણની અનુસ્નાતકની પદવી [પાંચ (૦૫) વર્ષ કે તેથી વધુ સમયગાળાનો શારીરિક શિક્ષણમાં સ્નાતક સાથે અનુસ્નાતકનો અભ્યાસક્રમ] ધરાવતી હોય અને,<br>(૨) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની માન્ય યુનિવર્સિટીની યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) / નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (N.C.T.E.) / રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (R.C.I.) ના નોર્મ્સ પ્રમાણેની માન્યતા પ્રાપ્ત વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત (B.P.ED) અથવા વ્યાયામ શિક્ષણનો ડિપ્લોમા (D.P.ED) અથવા શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત (B.ED) ધરાવતી હોય.<br>(ગ) પરિશિષ્ટ-૪ માં દર્શાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો અને TAT HIGHER SECONDARY પરીક્ષા ઉર્તીણ કરેલ હોય.<br>તે સિવાય, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વ્યાયામ શિક્ષક / વ્યાયામ શિક્ષણ સહાયક તરીકે નીમી શકાશે નહિ. |

Scanned with CamScanner

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | | ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૦૪ (ચાર) કે તેથી વધુ વર્ગોની શાળાઓમાં મળવાપાત્ર શિક્ષક રેશિયામાં આ નિમણૂંક કરી શકાશે. |
| ૭ | ૨૦(૧૦) | કોઈ વ્યક્તિને<br>(ક) તેણે ૧૮ વર્ષની ઉમર પ્રાપ્ત કરી હોય અને<br>(ખ) તેણે એસ.એસ.સી. પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરી હોય તે સિવાય તેને પટાવાળા તરીકે નીમી શકાશે નહી.<br>(ગ) સરકારશ્રી વખતો વખત નક્કી કરે તેવી સ્કીલ તે ધરાવતી હોય ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતી વ્યક્તિને પ્રથમ પસંદગી આપવી. | બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિનશૈક્ષણિક શ્રમયોગીઓની સેવા આઉટસોર્સિંગ એજન્સી મારફતે મેળવવાની રહેશે. |
| ૮ | ૨૦(ક) | ૨૦(ક)<br>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩૫ હેઠળ શિક્ષકો અને આચાર્યોની પસંદગી માટેની કાર્યરીતિ અંતર્ગત ખાનગી માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં શિક્ષકો અને અચાર્યોની પસંદગી માટે રાજ્ય સરકાર વખતો-વખત જાહેર કરે તેવી TAT સહિતની, લાયકાત ધરાવતા હોવા જોઈએ. | ૨૦(ક).<br>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩૫ હેઠળ શિક્ષકો અને આચાર્યોની પસંદગી માટેની કાર્યરીતિ અંતર્ગત ખાનગી માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં શિક્ષકો અને અચાર્યોની પસંદગી માટે રાજ્ય સરકાર વખતો-વખત જાહેર કરે તેવી TAT સહિતની, લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>(૧) માધ્યમિક અથવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં આચાર્ય તરીકે નિમણૂંક માટે H-TAT (આચાર્ય અભિયોગ્યતા કસોટી) પાસ કરેલ હોવી જોઈએ.<br>(૨) માધ્યમિક શાળામાં / માધ્યમિક વિભાગમાં શિક્ષક / શિક્ષણ સહાયક માટે TAT SECONDARY પાસ કરેલ હોવી જોઈએ.<br>(અ) માધ્યમિક શાળામાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (TAT-SECONDARY) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ |

Scanned with CamScanner

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | | માધ્યમમાં યોજવામાં આવશે ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઈ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે.<br>(બ) ઉમેદવારે ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમ પૈકી કોઇ એક માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી- માધ્યમિક (TAT-SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ એટલે કે જે માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક(TAT-SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે જ માધ્યમની શાળામાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે.<br>પરંતુ<br>(૧) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના શિક્ષક સિવાયની અન્ય ભાષાઓના શિક્ષક માટે TAT SECONDARY ગુજરાતી / હિન્દી / અંગ્રેજી પૈકી કોઈ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે.<br>(૨) ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમ સિવાયના અન્ય માધ્યમની શાળાઓ માટે ભાષા સિવાયના વિષયો માટે TAT SECONDARY ગુજરાતી / હિન્દી / અંગ્રેજી પૈકી કોઇ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે.<br>(3) ઉચ્ચતર માધ્યમિક શાળામાં / ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક / શિક્ષણ સહાયક માટે TAT HIGHER SECONDARY પાસ કરેલ હોવી જોઈએ.<br>(અ) ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT- HIGHER SECONDARY) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઈ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે. |

Scanned with CamScanner

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | ગુજરાતી | એમ.એ./ સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | ગુજરાતી | બી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો એક વર્ષનો વિશિષ્ટ શિક્ષણનો ડિપ્લોમાં(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો બે વર્ષનો ડીપ્લોમાં(વિશિષ્ટ શિક્ષણ)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.એડ.(સામાન્ય) સાથે RCI | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | ગુજરાતી | ૨૦(૩)(૧) |
| ૨ | હિન્દી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | હિન્દી | એમ.એ./સમાજવિદ્યા પારંગત/એમ.આર.એસ. | હિન્દી | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | હિન્દી | ૨૦(૬)(૧) |
| ૩ | મરાઠી | બી.એ. | મરાઠી | એમ.એ. | મરાઠી | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | મરાઠી | ૨૦(૬)(૧) |
| ૪ | અંગ્રેજી | બી.એ./સમાજવિદ્યા વિશારદ/બી.આર.એસ. | અંગ્રેજી | એમ.એ./સમાજવિદ્યા પારંગત/એમ.આર.એસ. | અંગ્રેજી | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | અંગ્રેજી | ૨૦(૩)(૧) |
| ૫ | ઉર્દૂ | બી.એ. | ઉર્દૂ | એમ.એ. | ઉર્દૂ | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | ઉર્દૂ | ૨૦(૬)(૧) |
| ૬ | સિંધી | બી.એ. | સિંધી | એમ.એ. | સિંધી | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | સિંધી | ૨૦(૬)(૧) |
| ૭ | તમિલ | બી.એ. | તમિલ | એમ.એ. | તમિલ | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | તમિલ | ૨૦(૬)(૧) |
| ૮ | તેલુગુ | બી.એ. | તેલુગુ | એમ.એ. | તેલુગુ | | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | તેલુગુ | ૨૦(૬)(૧) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ઉડીયા | બી.એ. | ઉડીયા | એમ.એ. | ઉડીયા | (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | ઉડીયા | ૨૦(૬)(૧) |
| ૧૦ | સામાજિક વિજ્ઞાન | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. / બી.એસ.સી. | ઈતિહાસ અથવા ભુગોળ અથવા નાગરીકશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવારાજ્યશાસ્ત્ર અથવા સમાજશાસ્ત્ર | એમ.એ./સમાજવિદ્યા પારંગત/એમ.આર.એસ./એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઈ એક વિષયમાંઅનુસ્નાતક | Post Graduate Professional Diploma in Special Education (PGPD)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of | એમ.એડ./સ્પે.એમ.એડ/ શિક્ષા પારંગત | સામાજિક વિજ્ઞાન | ૨૦(૩)(૧) |
| ૧૧ | ગણિત અને વિજ્ઞાન ટેકનોલોજી | બી.એસ.સી. | ગણિતશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્ર અથવા રસાયણશાસ્ત્ર અથવાભૌતિક શાસ્ત્ર અથવા જીવશાસ્ત્ર પૈકીકોઈ પણ વિષયનીવિદ્યાશાખામાં સ્નાતક | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી જે વિષયમાં સ્નાતકહોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | India)માન્યP.G.Diploma in Special Education (Mental Retardation)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India) માન્યP.G.Diploma in Education (Multiple Disability: Physical & Neurological)(ફક્ત માનસિક દિવ્યાંગબાળકોની શાળાઓ | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ગણિત અને વિજ્ઞાન&ટેકનોલોજી | ૨૦(૩)(૧) |
| ૧૨ | સંસ્કૃત | બી.એ. અથવા શાસ્ત્રી (બી.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | એમ.એ. અથવા આચાર્ય (એમ.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | સંસ્કૃત | ૨૦(૬)(૧) |
| ૧૩ | ફારસી | બી.એ. | ફારસી | એમ.એ. | ફારસી | India)માન્ય P.G. Diploma in Special Education (locomotors Impairment | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ફારસી | ૨૦(૬)(૧) |
| ૧૪ | અરબી | બી.એ. | અરબી | એમ.એ. | અરબી | and Cerebral Palsy)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | અરબી | ૨૦(૬)(૧) |

Scanned with OKEN Scanner

વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | કમ્પ્યુટર અધ્યયન | BCA અથવા<br>B.Sc.(IT) અથવા<br>B.E./B.Tech(Computer / Computer Science) અથવા<br>B.E./B.Tech.(IT) અથવા<br>B.Sc. (Computer / Computer Science) | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | કોલમ-(3) માં દર્શાવેલ સ્નાતક કક્ષાની પદવીમાં જ અનુસ્નાતકનીપદવી | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>RCI (Rehabilitation Council of India)માન્ય Secondary level Teacher Training Course in Visual Impairment(ફક્ત દ્રષ્ટિહીન બાળકોની શાળાઓ માટે) (માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>RCI (Rehabilitation Council of India) માન્ય બી.એડ.(સામાન્ય) Senior Diploma in Teaching the Deaf(ફક્ત મૂક બધિર બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું સ્પેશિયલ B.Ed.(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતાક્ષેત્રનું સ્પેશિયલ B.Ed. નો ઇન્ટીગ્રેટેડ કોર્સ(માન્ય રજીસ્ટ્રેશન | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | કમ્પ્યુટર | ૨૦(૫)(૧) |
| ૧૬ | ચિત્ર | ફાઈન આર્ટસમાં સ્નાતક (D.F.A.) અથવા ડિપ્લોમા ઓફ ફાઈન આર્ટસ (પાંચવર્ષનો ઈન્ટીગ્રેટેડ કોર્ષ)<br>અથવા કોઈપણ વિષયમાં ધોરણ-૧૨ + આર્ટ ટીચર ડિપ્લોમા (એ.ટી.ડી.) અથવા ધોરણ-૧૨ + ડ્રૉઈંગ માસ્ટર (ડી.એમ.) | ચિત્ર | - | - | | - | ચિત્ર | ૨૦(૪) |
| ૧૭ | સંગીત | સંગીત વિશારદ અથવા બેચરલ ઓફમ્યુઝિક (B.Music) અથવા બી.એ. ઓફ સંગીત | | - | - | | - | સંગીત | ૨૦(૭) |
| ૧૮ | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | (૧)<br>વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના સ્નાતક<br>અથવા<br>(૧)<br>શારીરિક શિક્ષણમાં સ્નાતકની પદવી [ત્રણ (03) વર્ષ કે તેથી વધુ સમયગાળાનોઅભ્યાસક્રમ] | શારીરિક શિક્ષણ | (૧)<br>વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના અનુસ્નાતક<br>અથવા<br>(૧)<br>શારીરિક શિક્ષણમાં સ્નાતકની તેમજ શારીરિક શિક્ષણમાંઅનુસ્નાતકની પદવી [પાંચ (૦૫) વર્ષ કે | શારીરિક શિક્ષણ | | વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક (M.P.ED)<br>અથવા<br>શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક (M.ED.) | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | ૨૦(૮)(૧) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | તેથીવધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | | નંબર સાથે) | | | |
| | | | | | અથવા | | | | |
| ૧૮ | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | (૧)<br>વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના સ્નાતક<br>અથવા<br>(૧)<br>શારીરિક શિક્ષણમાં સ્નાતકની પદવી [ત્રણ (૦૩) વર્ષ કે તેથી વધુ સમયગાળાનોઅભ્યાસક્રમ] | કોલમ - ૩ માં દર્શાવેલ સ્નાતકની લાયકાતમાંની વિદ્યાશાખાનો કોઈ પણએક વિષય | (૧)<br>વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના અનુસ્નાતક<br>અથવા<br>(૧)<br>શારીરિક શિક્ષણમાં સ્નાતકની તેમજ શારીરિક શિક્ષણમાંઅનુસ્નાતકની પદવી [પાંચ (૦૫) વર્ષ કે તેથીવધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | કોલમ - ૫ માં દર્શાવેલ અનુસ્નાતક ની લાયકાતમાં ની વિદ્યાશાખાનો કોઈ પણએક વિષય | બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો એક વર્ષનો વિશિષ્ટ શિક્ષણનો ડિપ્લોમાં(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો બે વર્ષનો ડીપ્લોમાં(વિશિષ્ટ શિક્ષણ)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો Post Graduate Professional Diploma in Special Education (PGPD)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્યP.G.Diploma in Special Education (Mental Retardation)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા | વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક (M.P.ED) | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | ૨૦(૮)(૧) |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્યP.G.Diploma in Education (Multiple Disability: Physical & Neurological)(ફક્ત માનસિક દિવ્યાંગબાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય P.G. Diploma in Special Education (locomotors Impairment and Cerebral Palsy)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય Secondary level Teacher Training Course in Visual Impairment(ફક્ત દ્રષ્ટિહીન બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય બી.એડ.(સામાન્ય) Senior Diploma in Teaching the Deaf(ફક્ત મૂક બધિર બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) | | | |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | માન્યસંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું સ્પેશિયલ B.Ed.(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતાક્ષેત્રનું સ્પેશિયલ B.Ed. નો ઇન્ટીગ્રેટેડ કોર્સ(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) | | | |

| |
|---|
| • માધ્યમિક શાળામાં/માધ્યમિક વિભાગમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટે વિનિયમ-૨૦(૩)(૧), ૨૦(૪), ૨૦(૫)(૧), ૨૦(૬)(૧), ૨૦(૭) અને૨૦(૮)(૧)માં નિયત કરેલ લઘુત્તમ લાયકાત જરૂરી છે. ઉપરાંત અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક અને/અથવા અનુસ્નાતક વ્યવસાયિક લાયકાત માધ્યમિક વિભાગ માટે ફરજીયાત નથી પરંતુ જો કોઇ અરજદારે નિયત કરેલ જે તે વિષય માટેની લઘુત્તમ લાયકાત ઉપરાંત ઉપરના પરિશિષ્ટમાં દર્શાવેલ અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક અને અથવા અનુસ્નાતક વ્યવસાયિક લાયકાત ધરાવતા હોય અને જો શિક્ષક/શિક્ષણ સહાયક ભરતી માટે ગુણાંકન નિયમોનુસાર મળવા પાત્ર હશે તો જ તે વધારાની અનુસ્નાતક લાયકાતના ગુણાંકન મળવાપાત્ર થશે. |
| • માધ્યમિક શાળામાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (TAT-SECONDARY) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઈ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે. |
| • ઉમેદવારે ગુજરાતી/હિન્દી/અંગ્રેજી માધ્યમ પૈકી કોઇ એક માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (TAT-SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તેગુજરાતી/હિન્દી/અંગ્રેજી માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ એટલે કે જે માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (TAT-SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે જ માધ્યમની શાળામાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે. પરંતુ |
| (૧) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના શિક્ષક સિવાયની અન્ય ભાષાઓના શિક્ષક માટે TAT SECONDARY ગુજરાતી/હિન્દી/અંગ્રેજી પૈકી કોઈ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે. |
| (૨) ગુજરાતી/હિન્દી/અંગ્રેજી માધ્યમ સિવાયના અન્ય માધ્યમની શાળાઓ માટે ભાષા સિવાયના વિષયો માટે TAT SECONDARY ગુજરાતી/હિન્દી/અંગ્રેજી પૈકી કોઇ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે. |
| • દ્રષ્ટિહીન દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે ઉક્ત જણાવેલ તમામ જરૂરી લાયકાતો ઉપરાંત બ્રેઇલલીપી ટેસ્ટ ફરજીયાત ક્વોલિફાય કરવાનો રહેશે. આ ટેસ્ટ ક્વોલિફાય કરનાર ઉમેદવાર જ દ્રષ્ટિહીન દિવ્યાંગ બાળકો માટેની શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે. |
| • મૂક બધીર દિવ્યાંગ બાળકોની શાળા માટે ઉક્ત જણાવેલ તમામ જરૂરી લાયકાતો ઉપરાંત ISL (ઇન્ડિયન સાઈન લેંગ્વેજ) ટેસ્ટ ફરજીયાત ક્વોલિફાય કરવાનો રહેશે. આ ટેસ્ટ ક્વોલિફાય કરનાર ઉમેદવાર જ મૂક બધીર દિવ્યાંગ બાળકો માટેની શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે. |

Scanned with OKEN Scanner

વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ.

## પરિશિષ્ટ-૭-બ

### વિશિષ્ટ શાળાઓમાં શિક્ષકોની ભરતીના વિષયોની વિગત (ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો ધોરણ-૧૧ અને ૧૨)

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | સ્નાતક કક્ષાએ વ્યવસાયિક લાયકાત | અનુસ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત [એમ.એડ / સ્પે. એમ.એડ / શિક્ષા પારંગત (જો ધરાવતા હોય તો)]" | TAT કસોટીનો વિષય | વિનિયમ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક લાયકાત | વિષય | શૈક્ષણિક લાયકાત | વિષય | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ગણિત | બી.એસ.સી. | ગણિતની તમામ શાખાઓ | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | બી.એડ.(સામાન્ય) સાથેRCI (Rehabilitation Council of India)માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો એક વર્ષનો વિશિષ્ટ શિક્ષણનો ડિપ્લોમાં(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ગણિત | ૨૦(૩)(૨) |
| ૨ | ભૌતિક વિજ્ઞાન | બી.એસ.સી. | ભૌતિકશાસ્ત્રની તમામ શાખાઓ | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ભૌતિક વિજ્ઞાન | ૨૦(૩)(૨) |
| ૩ | રસાયણ વિજ્ઞાન | બી.એસ.સી. | રસાયણશાસ્ત્ર ની તમામ શાખાઓ | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | રસાયણ વિજ્ઞાન | ૨૦(૩)(૨) |

Scanned with OKEN Scanner

વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો બે વર્ષનો ડીપ્લોમાં(વિશિષ્ટ શિક્ષણ)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા બી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો Post Graduate Professional Diploma in Special Education (PGPD)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) | | | |
| ૪ | જીવ વિજ્ઞાન | બી.એસ.સી. | જીવવિજ્ઞાનની તમામ શાખાઓ | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | જીવ વિજ્ઞાન | ૨૦(૩)(૨) |
| ૫ | ગુજરાતી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | ગુજરાતી | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | ગુજરાતી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ગુજરાતી | ૨૦(૩)(૨) |
| ૬ | હિન્દી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | હિન્દી | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | હિન્દી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | હિન્દી | ૨૦(૬)(૨) |
| ૭ | અંગ્રેજી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | અંગ્રેજી | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | અંગ્રેજી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | અંગ્રેજી | ૨૦(૩)(૨) |
| ૮ | અર્થશાસ્ત્ર | બી.એ. / બી.કોમ / બી.આર.એસ. | અર્થશાસ્ત્ર અને તેની તમામ શાખાઓ | એમ.એ. / એમ.કોમ / એમ.આર.એસ. | અર્થશાસ્ત્ર અને તેની તમામ શાખાઓ | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | અર્થશાસ્ત્ર | ૨૦(૩)(૨) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | સંસ્કૃત | બી.એ. અથવા શાસ્ત્રી (બી.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | એમ.એ. અથવા આચાર્ય (એમ.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | અથવા RCI (Rehabilitation Council of India)માન્યP.G.Diploma in Special Education (Mental Retardation)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India) માન્યP.G.Diploma in Education (Multiple Disability: Physical & Neurological)(ફક્ત | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | સંસ્કૃત | ૨૦(૬)(૨) |
| ૧૦ | આંકડાશાસ્ત્ર | બી.કોમ./ બી.એ./ બી.એસ.સી. | આંકડાશાસ્ત્ર / ગણિત | એમ.કોમ./ એમ.એ./ એમ.એસ.સી. | આંકડાશાસ્ત્ર | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | આંકડાશાસ્ત્ર | ૨૦(૩)(૨) |
| ૧૧ | તત્વજ્ઞાન | બી.એ. | તત્વજ્ઞાન અથવા તર્કશાસ્ત્ર | એમ.એ. | તત્વજ્ઞાન અથવા તર્કશાસ્ત્ર | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | તત્વજ્ઞાન | ૨૦(૩)(૨) |
| ૧૨ | સમાજશાસ્ત્ર | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | સમાજશાસ્ત્ર | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | સમાજશાસ્ત્ર | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | સમાજશાસ્ત્ર | ૨૦(૩)(૨) |
| ૧૩ | મનોવિજ્ઞાન | બી.એ. | મનોવિજ્ઞાન | એમ.એ. | મનોવિજ્ઞાન | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | મનોવિજ્ઞાન | ૨૦(૩)(૨) |
| ૧૪ | ભૂગોળ | બી.એ. / બી.એસ.સી. | ભૂગોળ | એમ.એ. / એમ.એસ.સી. | ભૂગોળ | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ભૂગોળ | ૨૦(૩)(૨) |
| ૧૫ | ઈતિહાસ | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | ઈતિહાસ | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | ઈતિહાસ | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ઈતિહાસ | ૨૦(૩)(૨) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | રાજ્યશાસ્ત્ર | બી.એ. | રાજ્યશાસ્ત્ર | એમ.એ. | રાજ્યશાસ્ત્ર | માનસિક દિવ્યાંગબાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India)માન્ય P.G. Diploma in Special Education (locomotors Impairment and Cerebral Palsy)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | રાજ્યશાસ્ત્ર | ૨૦(૩)(૨) |
| ૧૭ | નામાના મૂળતત્વો | બી.કોમ. | વાણિજ્ય શાખાનો કોઈપણ વિષય | એમ.કોમ. | વાણિજ્ય શાખાનો કોઈપણ વિષય | | એમ.એડ./સ્પે એમ.એડ/ શિક્ષા પારંગત | કોમર્સ | ૨૦(૩)(૨) |
| ૧૮ | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન | | | | | | | | |
| ૧૯ | સેક્રેટરીયલ પ્રેક્ટિસ અને વાણિજ્ય પત્રવ્યવહાર (એસ.પી સી.સી.) | | | | | | | | |

વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ સાથેનું પરિશિષ્ટ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | કમ્પ્યુટર અધ્યયન | BCA અથવા B.Sc.(IT) અથવા B.E./B.Tech(Computer / Computer Science) અથવા B.E./B.Tech.(IT) અથવા B.Sc. (Computer / Computer Science) | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | કોલમ-(૩) માં દર્શાવેલ સ્નાતક કક્ષાની પદવીમાં જ અનુસ્નાતકની પદવી | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India)માન્ય Secondary level Teacher Training Course in Visual Impairment(ફક્ત દ્રષ્ટિહીન બાળકોની શાળાઓ માટે) (માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India) માન્ય બી.એડ.(સામાન્ય) Senior Diploma in Teaching | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | કમ્પ્યુટર | ૨૦(૫)(૨) |
| ૨૧ | મરાઠી | બી.એ. | મરાઠી | એમ.એ. | મરાઠી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | મરાઠી | ૨૦(૬)(૨) |
| ૨૨ | ઉર્દૂ | બી.એ. | ઉર્દૂ | એમ.એ. | ઉર્દૂ | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ઉર્દૂ | ૨૦(૬)(૨) |
| ૨૩ | સિંધી | બી.એ. | સિંધી | એમ.એ. | સિંધી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | સિંધી | ૨૦(૬)(૨) |
| ૨૪ | તમિલ | બી.એ. | તમિલ | એમ.એ. | તમિલ | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | તમિલ | ૨૦(૬)(૨) |
| ૨૫ | ફારસી | બી.એ. | ફારસી | એમ.એ. | ફારસી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | ફારસી | ૨૦(૬)(૨) |
| ૨૬ | અરબી | બી.એ. | અરબી | એમ.એ. | અરબી | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | અરબી | ૨૦(૬)(૨) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૭ | પ્રાકૃત | બી.એ. | પ્રાકૃત | એમ.એ. | પ્રાકૃત | the Deaf(ફક્ત મૂક બધિર બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતા | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | પ્રાકૃત | ૨૦(૬)(૨) |
| ૨૮ | પ્રયોગશાળા મદદનીશ | બી.એસ.સી. | રસાયણશાસ્ત્ર અથવા ભૌતિકશાસ્ત્ર અથવા જીવશાસ્ત્ર પૈકી કોઈ પણ વિષયની વિદ્યાશાખામાં સ્નાતક | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | | એમ.એડ./સ્પે. એમ.એડ/ શિક્ષા પારંગત | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષય | ૨૦(૩)(૨) |
| ૨૯ | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | (૧) વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના સ્નાતક અથવા (૧)શારીરિક શિક્ષણમાં સ્નાતકની પદવી [ત્રણ (03) વર્ષ કે તેથી વધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | શારીરિક શિક્ષણ | (૧) વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના અનુસ્નાતક અથવા (૧)શારીરિક શિક્ષણમાં સ્નાતકની તેમજ શારીરિક શિક્ષણમાં અનુસ્નાતકની પદવી [પાંચ (૦૫) વર્ષ કે તેથી વધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | શારીરિક શિક્ષણ | ક્ષેત્રનું સ્પેશિયલ B.Ed.(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) અથવા RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતાક્ષેત્રનું સ્પેશિયલ B.Ed. નો ઇન્ટીગ્રેટેડ કોર્સ(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) | વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક (M.P.ED) અથવા શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક (M.ED) | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | ૨૦(૮)(૨) |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અથવા | | | | | | | | | |
| ૨૯ | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | (૧) વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના સ્નાતક —— અથવા ----- (૧)શારીરિક શિક્ષણમાં સ્નાતકની પદવી [ત્રણ (૦૩) વર્ષ કે તેથી વધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | કોલમ - ૩ માં દર્શાવેલ સ્નાતકની લાયકાતમાંની વિદ્યાશાખાનો કોઈ પણ એક વિષય | (૧) વિનયન (આર્ટસ), વાણિજ્ય (કોમર્સ) અને વિજ્ઞાન (સાયન્સ) શાખાના અનુસ્નાતક અથવા (૧)શારીરિક શિક્ષણમાં સ્નાતકની તેમજ શારીરિક શિક્ષણમાં અનુસ્નાતકની પદવી [પાંચ (૦૫) વર્ષ કે તેથી વધુ સમયગાળાનો અભ્યાસક્રમ] | કોલમ - ૫ માં દર્શાવેલ અનુસ્નાતકની લાયકાતમાંની વિદ્યાશાખાનો કોઈ પણ એક વિષય | બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો એક વર્ષનો વિશિષ્ટ શિક્ષણનો ડિપ્લોમાં(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો બે વર્ષનો ડીપ્લોમાં(વિશિષ્ટ શિક્ષણ)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય સંબંધિતદિવ્યાંગતા ક્ષેત્રનો Post Graduate Professional Diploma in Special Education (PGPD)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્યP.G.Diploma in Special Education (Mental Retardation)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્યP.G.Diploma in Education | વ્યાયામ શિક્ષણમાં વ્યવસાયિક અનુસ્નાતક (M.P.ED) | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | ૨૦(૮)(૨) |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | (Multiple Disability: Physical & Neurological)(ફક્ત માનસિક દિવ્યાંગબાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય P.G. Diploma in Special Education (locomotors Impairment and Cerebral Palsy)(ફક્ત માનસિક દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India)માન્ય Secondary level Teacher Training Course in Visual Impairment(ફક્ત દ્રષ્ટિહીન બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્ય બી.એડ.(સામાન્ય) Senior Diploma in Teaching the Deaf(ફક્ત મૂક બધિર બાળકોની શાળાઓ માટે)(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે)<br>અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું સ્પેશિયલ B.Ed.(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) | | | |

Scanned with OKEN Scanner

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | અથવા<br>બી.પી.એડ.(સામાન્ય) સાથે RCI (Rehabilitation Council of India) માન્યસંબંધિત દિવ્યાંગતાક્ષેત્રનું સ્પેશિયલ B.Ed. નો ઇન્ટીગ્રેટેડ કોર્સ(માન્ય રજીસ્ટ્રેશન નંબર સાથે) | | | |

| |
|---|
| * ઉચ્ચતર માધ્યમિક શાળામાં / ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટે વિનિયમ-૨૦(૩)(૨), ૨૦(૫)(૨), ૨૦(૬)(૨), અને ૨૦(૮)(૨) માં નિયત કરેલ લઘુત્તમ લાયકાત જરૂરી છે. પરંતુ અનુસ્નાતક વ્યવસાયિક લાયકાત ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે ફરજીયાત નથી પરંતુ જો કોઇ અરજદારે નિયત કરેલ જે તે વિષય માટેની લઘુત્તમ લાયકાત ઉપરાંત ઉપરના પરિશિષ્ટમાં દર્શાવેલ અનુસ્નાતક કક્ષાની વ્યવસાયિક લાયકાત ધરાવતા હોય અને જો ઉચ્ચતર માધ્યમિક વિભાગની શિક્ષક / શિક્ષણ સહાયક ભરતી માટે ગુણાંકન નિયમોનુસાર મળવાપાત્ર હશે તો જ તે વધારાની અનુસ્નાતક લાયકાતના ગુણાંકન મળવાપાત્ર થશે. |
| * ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT- HIGHER SECONDARY) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઈ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે. |
| * ઉમેદવારે ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમ પૈકી કોઇ એક માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT- HIGHER SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ એટલે કે જે માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક(TAT- HIGHER SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે જ માધ્યમની શાળામાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે. પરંતુ |
| (૧) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના શિક્ષક સિવાયની અન્ય ભાષાઓના શિક્ષક માટે TAT HIGHER SECONDARY ગુજરાતી / હિન્દી / અંગ્રેજી પૈકી કોઈ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે. |
| (૨) ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમ સિવાયના અન્ય માધ્યમની શાળાઓ માટે ભાષા સિવાયના વિષયો માટે TAT HIGHER SECONDARY ગુજરાતી / હિન્દી / અંગ્રેજી પૈકી કોઇ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે. |
| * દ્રષ્ટિહીન દિવ્યાંગ બાળકોની શાળાઓ માટે ઉક્ત જણાવેલ તમામ જરૂરી લાયકાતો ઉપરાંત બ્રેઇલલીપી ટેસ્ટ ફરજીયાત ક્વોલિફાય કરવાનો રહેશે. આ ટેસ્ટ ક્વોલિફાય કરનાર ઉમેદવાર જ દ્રષ્ટિહીન દિવ્યાંગ બાળકો માટેની શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે. |
| * મૂક બધીર દિવ્યાંગ બાળકોની શાળા માટે ઉક્ત જણાવેલ તમામ જરૂરી લાયકાતો ઉપરાંત ISL (ઇન્ડિયન સાઈન લેંગ્વેજ) ટેસ્ટ ફરજીયાત ક્વોલિફાય કરવાનો રહેશે. આ ટેસ્ટ ક્વોલિફાય કરનાર ઉમેદવાર જ મૂક બધીર દિવ્યાંગ બાળકો માટેની શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે. |

Scanned with OKEN Scanner

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને મિશન સ્કુલ્સ ઓફ એક્સલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે 'શિક્ષક અભિરુચિ કસોટી' (Teacher Aptitude Test– TAT) ના આયોજન બાબત**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2022/5921/G**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૨૯/૦૪/૨૦૨૩**

**વંચાણે લીધા:**

૧. શિક્ષણ વિભાગનો તારીખ ૨૦/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૭૭૩/ગ.

૨. શિક્ષણ વિભાગનો તારીખ ૭/૫/૨૦૧૮નો સુધારા ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૭૭૩/ગ.

૩. શિક્ષણ વિભાગનો તારીખ ૧૧ /૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.

**પ્રસ્તાવના:**

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦માં** વિદ્યાર્થીઓને ૨૧મી સદીના કૌશલ્યો જેવાં કે કમ્યુનિકેશન, ક્રિટિકલ અને ક્રિએટિવ થિંકિંગ, પ્રોબ્લેમ સોલ્વિંગ વગેરે શીખવવાની ભલામણ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કૌશલ્યો (Vocational Skills) શીખવવાની પણ ભલામણ કરવામાં આવેલી છે. આ માટે વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકો પણ આવા કૌશલ્યોથી સજ્જ હોય તે આવશ્યક છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ભવિષ્યમાં એવા શિક્ષકોની જરૂર પડશે કે જેઓ સાક્ષરી વિષયો ઉપરાંત કેટલાક આંતરશાખાકીય અને બહુશાખાકીય કૌશલ્યો (Inter-Disciplinary and Multi-Disciplinary Skill Set) ધરાવતા હોય એટલે કે વિજ્ઞાનના સ્નાતક પાસે સાહિત્યનું જ્ઞાન હોય, વાણિજ્યના સ્નાતક પાસે વિજ્ઞાનનું જ્ઞાન હોય, વિનયનના સ્નાતક પાસે વાણિજ્યનું પણ જ્ઞાન હોય તેવા શિક્ષકોની જરૂરીયાત ઉપસ્થિત થશે. આવા શિક્ષકો પોતાના સાક્ષરી વિષયની તજજ્ઞતાની સાથે સાથે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં જરૂરી એવા કોમ્પ્યુટર, વ્યાવસાયિક શિક્ષણ, ચિત્ર, સંગીત, કલા, ખેલકુદ વગેરે જેવા કૌશલ્યો પણ શીખવવા સક્ષમ હશે. **બદલાતા જતા શૈક્ષણિક વિશ્વમાં આગામી સમયમાં શિક્ષકોએ સતત નવું નવું શીખવાની અનિવાર્યતા ઊભી થયેલ છે. સાથે સાથે બદલાતા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં આવનારા સમયમાં શાળાઓમાં શીખવવાના થતાં વિષયો અને વિષયવસ્તુમાં થનારા ફેરફારોને પહોંચી વળવા વિદ્યાર્થીઓ તથા શિક્ષણના હિતમાં ઉપરોક્ત કૌશલ્યો ધરાવતા શિક્ષકોને ઓળખવાની એક ચોક્કસ પદ્ધતિ વિકસાવવી જરૂરી છે.**

બદલાતા જતા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં શિક્ષક પ્રતિભાશાળી હોય અને તેમની પાસે ત્રિભાષા સૂત્ર મુજબની ભાષાઓ પર પ્રભુત્વ હોય તે પણ જરૂરી છે. આવા વિશિષ્ટ કૌશલ્ય ધરાવતા શિક્ષકોને ઓળખવા માટેની પ્રક્રિયા પણ વધુ સઘન હોય તે જરૂરી છે. સબબ ઉપર જણાવ્યા

મુજબના **જ્ઞાન, આંતરશાખાકીય અને બહુશાખાકીય કૌશલ્યો (Inter-Disciplinary and Multi-Disciplinary Skill Set) ધરાવતા ઉમેદવારોને ઓળખવા એક ચોક્કસ પરીક્ષા પદ્ધતિ ઊભી કરવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.** જે પરત્વે વિભાગ દ્વારા તા.૧૯/૦૭/૨૦૧૯ના ઠરાવથી રાજયની સરકારી તથા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે લેવામાં આવતી શિક્ષક અભિરૂચિ કસોટી-માધ્યમિક(TAT-માધ્યમિક), શિક્ષક અભિરૂચિ કસોટી-ઉચ્ચતર માધ્યમિક(TAT-ઉચ્ચતર માધ્યમિક)ના માળખામાં ફેરફાર કરવા માટે સમિતિની રચના કરવામાં આવેલ હતી. ઉક્ત સમિતિ દ્વારા તા.03/૦૮/૨૦૧૯ અને તા.03/૦૯/૨૦૧૯ના રોજ બેઠકનું આયોજન કરેલ હતું. આ બેઠકોમાં થયેલ વિચારણા અનુસાર સમિતિ દ્વારા તા.30/૧૧/૨૦૧૯ના પત્રથી અહેવાલ રજૂ કરવામાં આવેલ હતો. આ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને મિશન સ્કુલ્સ ઓફ એકસલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તા યુક્ત શિક્ષણના હેતુ સિદ્ધ કરવા માટે ઉમેદવારોની ક્ષમતા ચકાસવા માટે સમયાંતરે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે **'શિક્ષક અભિરુચિ કસોટી' (Teacher Aptitude Test– TAT)** નું આયોજન કરવા આથી ઠરાવવામાં આવે છે. આ 'શિક્ષક અભિરુચિ કસોટી' માટે નીચે મુજબની કાર્યપ્રણાલી અનુસરવાની રહેશે.

**૧. શિક્ષક અભિરુચિ કસોટીઓ:**

ગુજરાત રાજ્યમાં નોંધાયેલી સરકારી અને ખાનગી માધ્યમિક શાળાઓમાં તથા સરકારી અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે નીચે મુજબની શિક્ષક અભિરુચિ કસોટીઓ લેવામાં આવશે.

અ) શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક)
બ) શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક)

શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) અને શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) માટેની લાયકાત ધરાવતા ઉમેદવાર ઈચ્છે તો ઉપરોક્ત બન્ને કસોટીઓ આપી શકશે.

**૨. આયોજન:**

'શિક્ષક અભિરુચિ કસોટી'નું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. શિક્ષક અભિરુચિ કસોટી માટેના નીતિનિયમો, સૂચનાઓ તથા માર્ગદર્શક બાબતો અંગેનું સાહિત્ય રાજ્ય પરીક્ષા બોર્ડ તૈયાર કરશે. 'શિક્ષક અભિરુચિ કસોટી'ની પરીક્ષા ફી રાજ્ય પરીક્ષા બોર્ડ વખતોવખત નક્કી કરે તે પ્રમાણે રહેશે.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

**૩. કસોટીમાં બેસવા માટે અરજદારોની શૈક્ષણિક લાયકાત:**

**અ) શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક):**

નોંધાયેલી સરકારી અને ખાનગી માધ્યમિક શાળાઓમાં સંબંધિત વિષયના શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં

વખતો વખત થતા સુધારા વધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવાર જ આ શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) માટે ઉપસ્થિત થઈ શકશે.

**બ) શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક):**

નોંધાયેલી સરકારી અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંબંધિત વિષયના શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં વખતો વખત થતા સુધારા વધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવાર જ આ શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) માટે ઉપસ્થિત થઈ શકશે.

**૪. કસોટીના વિષયો:**

**અ) શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક):**

શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) અંતર્ગત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ની જોગવાઈ અનુસાર માધ્યમિક શાળામાં શીખવવામાં આવતા વિષયોની કસોટી યોજવામાં આવશે. કસોટીના આયોજન સમયે આવશ્યકતા અનુસાર સરકારશ્રીની પૂર્વમંજૂરીથી નવા વિષયો ઉમેરી કે રદ કરી શકાશે.

**બ) શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક):**

શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) અંતર્ગત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ની જોગવાઈ અનુસાર ઉચ્ચતર માધ્યમિક શાળામાં શીખવવામાં આવતા વિષયોની કસોટી યોજવામાં આવશે. કસોટીના આયોજન સમયે આવશ્યકતા અનુસાર સરકારશ્રીની પૂર્વ મંજૂરીથી નવા વિષયો ઉમેરી કે રદ કરી શકાશે.

**૫. કસોટીનું દ્વિસ્તરીય સ્વરૂપ:**

'શિક્ષક અભિરુચિ કસોટી' પ્રાથમિક અને મુખ્ય એમ દ્વિસ્તરીય સ્પર્ધાત્મક પરીક્ષા સ્વરૂપની રહેશે.

અ) પ્રાથમિક પરીક્ષા: આ પરીક્ષા બહુ વિકલ્પ સ્વરૂપની રહેશે.
બ) મુખ્ય પરીક્ષા: આ પરીક્ષા વર્ણનાત્મક લેખિત સ્વરૂપની રહેશે.

**૬. પ્રાથમિક પરીક્ષા (Preliminary Exam) નું સ્વરૂપ:**

પ્રાથમિક પરીક્ષા ૨૦૦ ગુણની MCQ (Multiple Choice Question) આધારિત હશે. જેમાં ૧૦૦ ગુણનો પ્રથમ ભાગ તમામ ઉમેદવારો માટે એકસરખો રહેશે અને ૧૦૦ ગુણનો બીજો ભાગ જે તે ઉમેદવાર જે વિષય માટે અરજી કરે છે તે વિષય આધારિત હશે. આ કસોટીના બંને વિભાગ ફરજીયાત રહેશે. આ કસોટીના બંને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે. MCQ આધારિત આ કસોટીના મૂલ્યાંકનમાં ખોટા જવાબ દીઠ ૦.૨૫ માર્કસનું નકારાત્મક મૂલ્યાંકન (Negative Marking) રહેશે.

EDUCATION DEPARTMENT GOVT. OF GUJARAT

**૭. મુખ્ય કસોટી (Mains Exam) નું સ્વરૂપ:**

પ્રાથમિક કસોટીમાં Cut Off કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો માટે મુખ્ય કસોટી યોજાશે જે વર્ણનાત્મક લેખિત સ્વરૂપની હશે. આ કસોટીમાં પ્રશ્નપત્રોનું માળખું નીચે મુજબ હશે.

**પ્રશ્નપત્ર–૧:** ભાષા ક્ષમતા

અ) ગુજરાતી ભાષા ક્ષમતા (ગુજરાતી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

બ) હિન્દી ભાષા ક્ષમતા (હિન્દી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

ક) અંગ્રેજી ભાષા ક્ષમતા (અંગ્રેજી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

**પ્રશ્નપત્ર–૨:** વિષયવસ્તુ (Content) અને પદ્ધતિશાસ્ત્ર (Pedagogy) - ૧૦૦ ગુણ
(જે વિષય માટે અરજી કરી હોય તે વિષય અને જે માધ્યમ માટે અરજી કરેલ હોય તે માધ્યમનું પ્રશ્નપત્ર રહેશે)

**નોંધ**: ઉમેદવારે જે માધ્યમની શિક્ષક અભિરુચિ કસોટી ઉતીર્ણ કરેલ હશે તે માધ્યમમાં શૈક્ષણિક કાર્ય થતું હોય તેવી શાળાઓમાં જ શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે પાત્ર ઠરશે. ત્રણેય માધ્યમની કસોટીના પ્રશ્નપત્ર સરખા/અલગ રહેશે.

**૮. કસોટીનો અભ્યાસક્રમ:**

પ્રાથમિક અને મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ અનુક્રમે પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ મુજબનો રહેશે.

**૯. શિક્ષક અભિરુચિ કસોટીમાં યોગ્યતા પ્રાપ્ત કરવાના ધોરણો:**

અ) પ્રાથમિક પરીક્ષા: રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ Cut-Off થી વધુ ગુણ પ્રાથમિક પરીક્ષામાં મેળવનાર ઉમેદવાર મુખ્ય પરીક્ષા આપી શકશે.

બ) મુખ્ય પરીક્ષા માટે Cut-Off થી વધુ ગુણ મેળવનાર ઉમેદવારે અલગ થી અરજી કરવાની રહેશે નહીં. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં બેસવા માટે ઓળખપત્ર (Hall Ticket) ઓનલાઇન માધ્યમથી આપવામાં આવશે.

ક) મુખ્ય પરીક્ષા: મુખ્ય પરીક્ષામાં ઓછા માં ઓછા ૬૦% ગુણ મેળવેલ ઉમેદવારોને મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે.

**૧૦. શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની સમયમર્યાદા:**

શિક્ષક અભિરુચિ કસોટીનું આયોજન સમયાંતરે કરવામાં આવશે. કોઈપણ વર્ષે યોજાયેલ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની માન્યતા અવધિ ત્યારબાદ લીધેલ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવે ત્યાં સુધીની રહેશે.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

**૧૧. શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની ઉપયોગિતા બાબત:**

અ) આ કસોટીઓ નોંધાયેલી ખાનગી માધ્યમિક અને સરકારી માધ્યમિક શાળાઓમાં તથા રજિસ્ટર ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે જરૂરી લાયકાત મેળવવા માટેની છે, આ કસોટી/કસોટીઓ પાસ કરવાથી શિક્ષક તરીકેની પસંદગીનો હક્ક પ્રસ્થાપિત થતો નથી.

બ) કોઈપણ યોજના અંતર્ગત કોઈપણ સંસ્થા તેઓના નીતિ-નિયમો અનુસાર યોગ્ય લાગે તો જરૂરિયાત મુજબ આ મેરીટ લીસ્ટનો ઉપયોગ કરી શકશે.

**૧૨. હયાત શિક્ષક અભિરુચિ કસોટી બાબત:**

આ ઠરાવ અમલમાં આવ્યેથી શિક્ષક અભિરુચિ કસોટી અંગેના પ્રવર્તમાન ઠરાવો આપોઆપ રદ થયેલ ગણાશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૭/૦૪/૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.કે. ગોહિલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(**પત્ર દ્વારા**)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર (ઠરાવ ઓન લાઇન મુકવા સારું)
- સેકશન અધિકારીશ્રી, ગ.૧/ગ.૨/છ-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૩.
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૩.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

## પરિશિષ્ટ-૧

## પ્રાથમિક પરીક્ષા (Preliminary Exam)

### માધ્યમિક વિભાગ

- આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ-૧માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે.
- આ કસોટીમાં કુલ ૨૦૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે.
- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની (Multiple Choice Question) OMR આધારીત રહેશે.
- આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- આ કસોટીના મૂલ્યાંકનમાં ખોટા જવાબ દીઠ ૦.૨૫ ગુણ (માઈનસ) નકારાત્મક મૂલ્યાંકન રહેશે.

**વિભાગ- ૧: સામાન્ય અભ્યાસ (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

(અ) સામાન્ય જ્ઞાન અને શિક્ષણના વર્તમાન પ્રવાહો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

- બંધારણની મૂળભૂત ફરજો (Fundamental duties-Article-51(A)), ગુજરાતી સાહિત્ય, રાજનીતિ અને શાસનતંત્ર (રાજ્ય અને દેશ) પ્રવાહો અને માળખું, વિજ્ઞાન અને ટેકનોલોજી, ખેલકૂદ અને રમતો, મહાન વિભૂતિઓ (દેશ), સંગીત અને કલા, ભારતનો ઇતિહાસ, ભારતની ભૂગોળ, વર્તમાન પ્રવાહો જાણકારી.

(બ) શિક્ષક અભિયોગ્યતા (૩૫ પ્રશ્નો) (૩૫ ગુણ)

(I) શિક્ષણની ફિલસૂફી (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)

- કેળવણીના હેતુઓ (સામાજિક, વ્યક્તિગત, વિશિષ્ટ), કેળવણીના સ્વરૂપો(ઔપચારીક, અનૌપચારીક, અધિક, નિરંતર, દૂરવર્તી), શિક્ષણની વિચારધારા (આદર્શવાદ, પ્રકૃતિવાદ, વ્યવહારવાદ)

(II) શૈક્ષણિક મનોવિજ્ઞાન (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

- વૃદ્ધિ અને વિકાસ, તરુણાવસ્થા, શૈક્ષણિક મનોવિજ્ઞાનની પદ્ધતિઓ, વૈયક્તિક ભિન્નતાઓ, અધ્યયન, બુદ્ધિ, બચાવ પ્રયુકિતઓ, પ્રેરણા, વિશિષ્ટ બાળકો, વ્યક્તિત્વ, રસ-મનોવલણ, અભિયોગ્યતા.

(III) વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)

- વર્ગવ્યવહાર, મૂલ્યાંકન (બ્લુમ સહિત) અને આંકડાશાસ્ત્ર, શિક્ષણ અને ટેકનોલોજી, ક્રિયાત્મક સંશોધન.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

(ક) તાર્કીક અભિયોગ્યતા (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

(ડ) ગુજરાતી ભાષાકીય પ્રાવીણ્ય (લેખન, વાંચન, કથન, શ્રવણ કૌશલ્ય)(૧૫ પ્રશ્નો)(૧૫ ગુણ)

- વ્યાકરણ (જોડણી, વિરોધી, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરામ ચિન્હો, અનેકાર્થી, પર્યાયી શબ્દો વિગેરે), સંક્ષેપ લેખન, સારગ્રહણ, ભૂલશોધ અને સુધારણા, શીર્ષક, સારાંશ.

(ઇ) અંગ્રેજી ભાષાની જાણકારી (ધોરણ-૧૨ સુધી) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

- સામાન્ય વ્યાકરણ, ભાષાંતર, સ્પેલીંગ સુધારણા કરવી, શબ્દ રચના, ચિત્ર આધારીત પ્રશ્નો વગેરે.

**વિભાગ-૨ ખાસ વિષયની કસોટી (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

(અ) વિષયવસ્તુ (૮૦ પ્રશ્નો) (૮૦ ગુણ)

-સંબંધિત વિષયના ધોરણ-૯ થી ૧૦ના ગુજરાત રાજ્યના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ.

-પરીક્ષાના અભ્યાસક્રમની વિષયવસ્તુની કઠિનતા સ્નાતક કક્ષાની રહેશે.

(બ) વિષયવસ્તુ આધારીત પદ્ધતિના પ્રશ્નો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

**પરીક્ષાનું માધ્યમ:**

આ કસોટી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર ત્રણેય પૈકી કોઈપણ માધ્યમ પસંદ કરી શકશે. તેઓએ જે માધ્યમમાં પ્રાથમિક પરીક્ષા પાસ કરી હશે એજ માધ્યમમાં મુખ્ય કસોટી આપવાની રહેશે.

## ઉચ્ચતર માધ્યમિક વિભાગ

- આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ-૧માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે.
- આ કસોટીમાં કુલ ૨૦૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે.
- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની (Multiple Choice Question) OMR આધારીત રહેશે.
- આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- આ કસોટીના મૂલ્યાંકનમાં ખોટા જવાબ દીઠ ૦.૨૫ ગુણ (માઈન્સ) નકારાત્મક મૂલ્યાંકન રહેશે.

**વિભાગ- ૧: સામાન્ય અભ્યાસ (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

(અ) સામાન્ય જ્ઞાન અને શિક્ષણના વર્તમાન પ્રવાહો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

- બંધારણની મૂળભૂત ફરજો (Fundamental duties-Article-51(A)), ગુજરાતી સાહિત્ય, રાજનીતિ અને શાસનતંત્ર (રાજ્ય અને દેશ) પ્રવાહો અને માળખું, વિજ્ઞાન અને ટેકનોલોજી, ખેલકૂદ અને રમતો, મહાન વિભૂતિઓ (દેશ), સંગીત અને કલા, ભારતનો ઇતિહાસ, ભારતની ભૂગોળ, વર્તમાન પ્રવાહો જાણકારી.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

(બ) શિક્ષક અભિયોગ્યતા (૩૫ પ્રશ્નો) (૩૫ ગુણ)

(I) શિક્ષણની ફિલસૂફી (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)

- કેળવણીના હેતુઓ (સામાજિક, વ્યક્તિગત, વિશિષ્ટ), કેળવણીના સ્વરૂપો(ઔપચારીક, અનૌપચારીક, અધિક, નિરંતર, દૂરવર્તી), શિક્ષણની વિચારધારા (આદર્શવાદ, પ્રકૃતિવાદ, વ્યવહારવાદ)

(II) શૈક્ષણિક મનોવિજ્ઞાન (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

- વૃદ્ધિ અને વિકાસ, તરુણાવસ્થા, શૈક્ષણિક મનોવિજ્ઞાનની પદ્ધતિઓ, વૈયક્તિક ભિન્નતાઓ, અધ્યયન, બુદ્ધિ, બચાવ પ્રયુક્તિઓ, પ્રેરણા, વિશિષ્ટ બાળકો, વ્યક્તિત્વ, રસ-મનોવલણ, અભિયોગ્યતા.

(III) વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)

- વર્ગવ્યવહાર, મૂલ્યાંકન (બ્લુમ સહિત) અને આંકડાશાસ્ત્ર, શિક્ષણ અને ટેકનોલોજી, ક્રિયાત્મક સંશોધન.

(ક) તાર્કીક અભિયોગ્યતા (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

(ડ) ગુજરાતી ભાષાકીય પ્રાવીણ્ય (લેખન, વાંચન, કથન, શ્રવણ કૌશલ્ય)(૧૫ પ્રશ્નો)(૧૫ ગુણ)

- વ્યાકરણ (જોડણી, વિરોધી, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરામ ચિન્હો, અનેકાર્થી, પર્યાયી શબ્દો વિગેરે), સંક્ષેપ લેખન, સારગ્રહણ, ભૂલશોધ અને સુધારણા, શીર્ષક, સારાંશ.

(ઇ) અંગ્રેજી ભાષાની જાણકારી (ધોરણ-૧૨ સુધી) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

- સામાન્ય વ્યાકરણ, ભાષાંતર, સ્પેલીંગ સુધારણા કરવી, શબ્દ રચના, ચિત્ર આધારીત પ્રશ્નો વગેરે.

**વિભાગ-૨ ખાસ વિષયની કસોટી (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

(અ) વિષયવસ્તુ (૮૦ પ્રશ્નો) (૮૦ ગુણ)

-સંબંધિત વિષયના ધોરણ-૧૧ થી ૧૨ના ગુજરાત રાજ્યના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ.

-પરીક્ષાના અભ્યાસક્રમની વિષયવસ્તુની કઠિનતા અનુસ્નાતક કક્ષાની રહેશે.

(બ) વિષયવસ્તુ આધારીત પદ્ધતિના પ્રશ્નો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

**પરીક્ષાનું માધ્યમ:**

આ કસોટી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર ત્રણેય પૈકી કોઈપણ માધ્યમ પસંદ કરી શકશે. તેઓએ જે માધ્યમમાં પ્રાથમિક પરીક્ષા પાસ કરી હશે એજ માધ્યમમાં મુખ્ય કસોટી આપવાની રહેશે.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

# પરિશિષ્ટ–૨

## મુખ્ય કસોટી (Mains Exam)

## વર્ણનાત્મક લેખિત સ્વરૂપ

### માધ્યમિક વિભાગ

**પ્રશ્નપત્ર–૧ :** ભાષા ક્ષમતા (કોષ્ટક–૧ મુજબ).

**અ)** ગુજરાતી ભાષા ક્ષમતા (ગુજરાતી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

**બ)** હિન્દી ભાષા ક્ષમતા (હિન્દી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

**ક)** અંગ્રેજી ભાષા ક્ષમતા (અંગ્રેજી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

**પ્રશ્નપત્ર–૨ :** વિષયવસ્તુ (Content) અને પદ્ધતિશાસ્ત્ર (Pedagogy) (કોષ્ટક–૨ મુજબ) (જે વિષય માટે અરજી કરી હોય તે વિષય અને જે માધ્યમ માટે અરજી કરેલ હોય તે માધ્યમનું પ્રશ્નપત્ર રહેશે)

- આ મુખ્ય કસોટીના બે પ્રશ્નપત્રો રહેશે. પ્રશ્નપત્ર-૧ માં ગુજરાતી / હિન્દી / અંગ્રેજી સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે તથા પ્રશ્નપત્ર-૨ માં વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે. આમ આ મુખ્ય પરીક્ષા ૨૦૦ ગુણની રહેશે.
- આ પરીક્ષામાં વિષયવસ્તુનો અભ્યાસક્રમ ધોરણ ૯ થી ૧૦નો રહેશે તેમજ તેમનું કઠિનતા અને અનુબંધ સ્નાતક કક્ષાનું રહેશે.
- પ્રશ્નપત્ર-૧માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૫૦ મિનીટનો રહેશે.
- પ્રશ્નપત્ર-૨માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૮૦ મિનીટનો રહેશે.

**પ્રશ્નપત્ર–૧ ગુજરાતી/હિન્દી સજ્જતા (કોષ્ટક–૧) (૧૦૦ ગુણ)**

| અનુક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્ન સ્વરૂપ |
|---|---|
| ૧ | નિબંધ : આશરે ૨૫૦ થી ૩૦૦ શબ્દોમાં (વર્ણનાત્મક વિશ્લેષાત્મક, ચિંતનાત્મક /સાંપ્રત સમય પર આધારિત) |
| ૨ | સંક્ષેપીકરણ આપેલ ગદ્યમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ |
| ૩ | પત્રલેખન : (આશરે ૧૦૦ શબ્દોમાં) (અભિનંદન/શુભેચ્છા/વિનંતી/ફરિયાદ વગેરે) |
| ૪ | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં) (વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો/ સાંપ્રત સમસ્યાઓ વ્યક્તિગત અભિપ્રાય દર્શાવતું ચિત્ર) |
| ૫ | વ્યાકરણ (સૂચવ્યા મુજબ જવાબ લખો) |

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

| | | |
|---|---|---|
| | 1. રૂઢિપ્રયોગના અર્થ અને વાક્યપ્રયોગ | 2. કહેવતોનો અર્થ |
| | 3. સમાસનો વિગ્રહ અને ઓળખ | 4. છંદ ઓળખાવો |
| | 5. અલંકાર ઓળખાવો | 6. શબ્દસમૂહ માટે એક શબ્દ |
| | 7. જોડણી શુદ્ધિ | 8. લેખન શુદ્ધિ, ભાષા શુદ્ધિ |
| | 9. સંધિ – જોડો કે છોડો | 10. વાક્યરચનાના અંગો / વાક્યના પ્રકાર વાક્ય પરિવર્તન |

<u>અથવા</u>

**પ્રશ્નપત્ર–૧ અંગ્રેજી સજ્જતા (કોષ્ટક–૧) (૧૦૦ ગુણ)**

| અનુક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્ન સ્વરૂપ | |
|---|---|---|
| 1 | Report Writing (in about ૨૦૦ words)<br>A report on an official function/ event/ field trip/ survey etc. | |
| 2 | Writing on Visual Information (in about ૧૫૦ words)<br>A report on a graph/image/ flow chart/ table of comparison/simple/ statistical data etc. | |
| 3 | Formal Speech (in about 150 words)<br>A speech (in a formal style) that is to be read out in a formal function. This could be an inauguration speech, an educational seminar/ conference, a formal ceremony of importance etc. | |
| 4 | Application/Letter Writing (in about 150 words) | |
| 5 | Grammar | |
| | 1. Tenses | 2. Voice |
| | 3. Narration (Direct-Indirect) | 4. Transformation of sentences |
| | 5. Use of articles and determiners | 6. Use of Propositions |
| | 7. Use of Phrasal Verbs | 8. Use of idiomatic expressions |
| | 9. Administrative Glossary | 10. Synonyms/Antonyms |
| | 11. One-word substitution | 12. Affixes |
| | 13. Cohesive devices/connectives/ Linkers | 14. Word that cause confusion like homonyms/homophones |

**પ્રશ્નપત્ર–૨ : વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતા (કોષ્ટક–૨) (૧૦૦ ગુણ)**

(જે વિષય માટે અરજી કરી હોય તે વિષયનું પ્રશ્નપત્ર રહેશે)

| અનુક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્ન સ્વરૂપ | ગુણભાર |
|---|---|---|
| ૧ | મુદ્દાસર જવાબ આપો (૨૦૦ થી ૨૫૦ શબ્દોમાં)<br>પાંચમાંથી કોઇપણ ત્રણ (દરેકના ૦૮ ગુણ) | ૨૪ |
| ૨ | માગ્યા પ્રમાણે જવાબ આપો (૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં) છ માંથી કોઇપણ ચાર (દરેકના ૦૬ ગુણ) | ૨૪ |
| ૩ | માગ્યા પ્રમાણે જવાબ આપો (૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં) સાત માંથી કોઇપણ પાંચ (દરેકના ૦૪ ગુણ) | ૨૦ |
| ૪ | એક કે બે વાક્યમાં જવાબ આપો<br>દસ ફરજિયાત (દરેકના ૦૨ ગુણ) | ૨૦ |
| ૫ | હેતુલક્ષી પ્રશ્નો (દરેકના ૦૧ ગુણ)<br>ખાલી જગ્યા પૂરો / જોડકાં જોડો/ સાચા-ખોટા / વગેરે (૧૨ ગુણ) | ૧૨ |

**ઉચ્ચતર માધ્યમિક વિભાગ**

**પ્રશ્નપત્ર–૧ :** ભાષા ક્ષમતા (કોષ્ટક-૧ મુજબ).

**અ)** ગુજરાતી ભાષા ક્ષમતા (ગુજરાતી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

**બ)** હિન્દી ભાષા ક્ષમતા (હિન્દી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

**ક)** અંગ્રેજી ભાષા ક્ષમતા (અંગ્રેજી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

**પ્રશ્નપત્ર–૨ :** વિષયવસ્તુ (Content) અને પદ્ધતિશાસ્ત્ર (Pedagogy) (કોષ્ટક-૨ મુજબ)
(જે વિષય માટે અરજી કરી હોય તે વિષય અને જે માધ્યમ માટે અરજી કરેલ હોય તે માધ્યમનું પ્રશ્નપત્ર રહેશે)

- આ મુખ્ય કસોટીના બે પ્રશ્નપત્રો રહેશે. પ્રશ્નપત્ર-૧ માં ગુજરાતી / હિન્દી / અંગ્રેજી સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે તથા પ્રશ્નપત્ર-૨ માં વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે. આમ આ મુખ્ય પરીક્ષા ૨૦૦ ગુણની રહેશે.
- આ પરીક્ષામાં વિષ્યવસ્તુનો અભ્યાસક્રમ ધોરણ ૧૧ થી ૧૨નો રહેશે તેમજ તેમનું કઠિનતા અને અનુબંધ અનુસ્નાતક કક્ષાનું રહેશે.
- પ્રશ્નપત્ર-૧માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૫૦ મિનીટનો રહેશે.
- પ્રશ્નપત્ર-૨માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૮૦ મિનીટનો રહેશે.

EDUCATION DEPARTMENT * GOVT. OF GUJARAT *

## પ્રશ્નપત્ર-૧ ગુજરાતી/હિન્દી સજ્જતા (કોષ્ટક-૧) (૧૦૦ ગુણ)

| અનુક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્ન સ્વરૂપ | |
|---|---|---|
| ૧ | નિબંધ : આશરે ૨૫૦ થી ૩૦૦ શબ્દોમાં (વર્ણનાત્મક વિશ્લેષાત્મક, ચિંતનાત્મક /સાંપ્રત સમય પર આધારિત) | |
| ૨ | સંક્ષેપીકરણ આપેલ ગદ્યમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ | |
| ૩ | પત્રલેખન : (આશરે ૧૦૦ શબ્દોમાં)<br>(અભિનંદન/શુભેચ્છા/વિનંતી/ફરિયાદ વગેરે) | |
| ૪ | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં)<br>(વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો/ સાંપ્રત સમસ્યાઓ વ્યક્તિગત અભિપ્રાય દર્શાવતું ચિત્ર) | |
| ૫ | વ્યાકરણ (સૂચવ્યા મુજબ જવાબ લખો) | |
